## તંત્રી સ્થાનેથી

નમાઝ, રોઝા, ઝકાતની જેમ હજ પણ ઈસ્લામની એક પાયાની ઈબાદત છે, જે માણસ મક્કા સુધી આવવા જવા, સફર ખર્ચ અને તે દરમિયાનના અન્ય ખર્ચાઓ (બીવી બચ્ચાઓ વગેરેના ભરણ પોષણ)ની શકિત ધરાવતો હોય, તેના ઉપર જીવનમાં એકવાર હજ કરવી ફરજ છે. હજ ફરજ થવા માટે અન્ય અમૂક બાબતો પણ જરૂરી છે. જેની વધુ વિગત અન્ય કિતાબોમાં જોઈ શકાય છે. અત્રે હજની ફઝીલત અને મહત્વતા વર્ણવવામાં આવે છે.

કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

અલ્લાહ ખાતર લોકો પર બયતુલ્લાહની હજ કરવી ફરજ છે, જેઓ ત્યાં પહોંચવાની શકિત ધરાવે છે અને જેણે અલ્લાહના આદેશનો ઈન્કાર કર્યો, તો અલ્લાહ તો સઘળા દુનિયાવાળાઓથી બેનિયાઝ છે.

ઉપરોકત આયતમાં સ્પષ્ટ રૂપે શકિત ધરાવનાર માણસ ઉપર હજ ફરજ હોવાનો આદેશ છે અને હજ ફરજ હોવા છતાં જે માણસ હજ ન કરે અને મરી જાય તો ઉપરોકત આયતના આધારે કહી શકાય કે તે કાફિરોની જેમ છે.

હઝરત અલી રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત ફરમાવે છે કે,

જે માણસ એવી સવારી અને સફરના એટલા ભાથા પર શકિત ધરાવતો હોય, જે એને બયતુલ્લાહ પહોંચાડી શકે, છતાં એણે હજ ન કરી તો આવો માણસ ચાહે યહૂદી થઈ મરે કે ઈસાઈ, કંઈ ફરક પડતો નથી.

હઝરત અબૂ સઈદ ખુદરી રદિ. રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અમને વઅઝ ફરમાવી અને ફરમાવ્યું,

અલ્લાહે તમારા ઉપર હજની ઈબાદત ફરજ કરી છે, માટે તમે હજ કરો.

(૨) હઝરત ઈબ્ને ઉમર રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત કરે છે કે ઈસ્લામનો આધાર પાંચ વસ્તુઓ ઉપર છે.

૧. ગવાહી આપવી કે અલ્લાહ તઆલા સિવાય કોઈ માબૂદ નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના બંદા અને રસૂલ છે. ૨ . નમાઝ પઢવી. ૩. ઝકાત આપવી. ૪. બયતુલ્લાહ શરીફની હજ કરવી. ૫. રમઝાન શરીફના રોઝા રાખવા.

આ રિવાયતમાં ઈસ્લામની પાંચ બુનિયાદો હોવાનું વર્ણન છે, એટલે કે જે કોઈ એમાંથી એકને પણ છોડે છે, તે જાણે ઈસ્લામની ઈમારતની એક બુનિયાદ અને પાયો તોડી રહ્યો છે.

માટે હજ ફરજ થવા પછી વહેલી તકે અદા કરવી જરૂરી છે. એમાં મોડું ન કરવું જોઈએ. જે માણસ શકિત અને સવલત છતાં હજ નથી કરતો, તેના માટે હદીસ શરીફમાં સખત વઈદ– ધમકી આવેલ છે.

હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત ફરમાવે છે કે જે માણસ હજનો ઈરાદો રાખતો હોય તેણે જલ્દી કરવી જોઈએ.

ઉપરોકત હદીસમાં જલ્દી કરવાનો આદેશ એટલા માટે છે કે ઘણીવાર માણસ ઉપર પાછળથી એવા સંજોગો આવી પડે છે કે માણસને પછી હજની સઆદત મળવી મુશ્કેલ હોય છે.

એક હદીસમાં હઝરત અબૂ ઉમામહ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત કરે છે કે જે માણસને કોઈ જરૂરી કામ, જાહિલ બાદશાહ કે સખત બીમારીએ હજથી ન રોકયો હોય અને એ હજ કર્યા વિના મરી ગયો, તો યહૂદી કે ઈસાઈ થઈ મરે, (કંઈ ફર્ક નથી પડતો.)

આ હદીસમાં નબીએ કરીમ સસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વિના કારણે કે ખોટા બહાનાઓથી હજમાં મોડુ કરનાર માટે ખરાબ મોત મરવાની બદદુઆ કરી રહ્યા છે.

## *હજની અનેક ખૂબીઓ અને ફઝીલતો છે*

હઝરત અબૂ હુરૈરહ રદિ. રિવાયત કરે છે કે નબીએ કરીમ સસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી પૂછવામાં આવ્યું કે સર્વશ્રેષ્ઠ અમલ શું છે ? આપ સસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું :

અલ્લાહ અને એના રસૂલ પર ઈમાન લાવવું. પૂછનારે પુછયું કે એ પછી કયો અમલ શ્રેષ્ઠ છે ? તો ફરમાવ્યું : અલ્લાહની રાહમાં જિહાદ કરવું,

પૂછનારે પૂછયું કે ત્યાર પછી કયો અમલ શ્રેષ્ઠ છે ? તો ફરમાવ્યું મકબૂલ હજ.

*(બુખારી, મુસ્લિમ)*

હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે કે મેં નબીએ કરીમ સસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સાંભળ્યું કે જે હાજી સવાર થઈ હજ કરે છે, એની સવારીના દરેક કદમ પર સિત્તેર નેકીઓ લખવામાં આવે છે, જે હાજી પગપાળા હજ કરે છે, એના દરેક કદમ પર સાતસો નેકીઓ હરમની લખવામાં આવે છે. આપથી પૂછવામાં આવ્યું કે હરમની નેકી કેટલી હોય છે ? તો ફરમાવ્યું એક નેકી એક લાખ નેકીઓ સમાન હોય છે.

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

**૧૧૩**

## ઝુહર અને અસરમાં રસૂલુલ્લાહ(સલ.)ની કિરાઅત

(۱۲۲) عَنْ اَبِی قَتَادَةَ قَالَ کَانَ النَّبِیُّ ﷺ یَقْرَأُ فِی الظُّهْرِ فِی الْاُولَیَیْنِ بِاُمِّ الْکِتَابِ وَسُوْرَتَیْنِ وَفِی الرَّکْعَتَیْنِ الْاُخْرَیَیْنِ بِاُمِّ الْکِتَابِ وَیُسْمِعُنَا الْآیَةَ اَحْیَانًا وَیُطَوِّلُ فِی الرَّکْعَةِ الْاُولٰی مَالَا یُطِیْلُ فِی الرَّکْعَةِ الثَّانِیَةِ وَهٰکَذَا فِی الْعَصْرِ وَهٰکَذَا فِی الصُّبْحِ۔ (رواہ البخاری ومسلم)

તરજુમો:– હઝરત અબૂ કતાદાહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઝોહરની નમાઝમાં પહેલી બે રકાતોમાં સૂરએ ફાતિહા અને તેના સિવાય બે સૂરતો પઢતા હતા. અને પાછલી બે રકાતોમાં માત્ર સુરએ ફાતિહા, અને કદી કદી (સિર્રી નમાઝમાં પણ) એકાદ આયત એટલા ઝોરથી પઢતા હતા કે અમે સાંભળી લેતા અને પહેલી રકાતમાં લાંબી કિરાઅત ફરમાવતા હતા અને બીજી રકાતમાં એટલી લાંબી કિરાઅત ફરમાવતા નહીં, અને એ જ પ્રમાણે અસરમાં અને એજ પ્રમાણે ફજરમાં આપનો નિત્યક્રમ હતો. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– આ હદીષથી જાણવા મળે છે કે કદી કદી ઝોહરની છાની નમાઝમાં એકાદ આયત આપ એટલા અવાઝથી પઢી દેતા હતા કે પાછળવાળા સાંભળી લેતા હતા. અમૂક હદીષ વેત્તાઓએ લખ્યું છે કે કદાચ એવું ઈસ્તિગરાકના ગલ્બાને લઈ થઈ જતું હશે. અને એ પણ બની શકે છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈરાદા પૂર્વક તાલીમ અર્થે કોઈક વાર એવું કરતા હશે. એટલે એવું બતાવવા માંગતા હોય કે ફલાણી સૂરત પઢુ છું અથવા પોતાના એ અમલથી મસ્અલો સાફ કરવા ચાહતા હોય કે જો છુપી

નમાઝમાં એકાદ આયત અવાઝથી પઢાય જાય અને પાછળવાળા સાંભળી લે, તો વાંધો નથી. નમાઝમાં કોઈ નુકસાન નથી.

(١٢٣) عَنْ جَابِرِ بْنِ سَمُرَةَ قَالَ كَانَ النَّبِيُّ ﷺ يَقْرَأُ فِى الظُّهْرِ بِاللَّيْلِ اِذَا يَغْشٰى وَفِى رِوَايَةٍ بِسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى وَفِى الْعَصْرِ نَحْوَ ذَالِكَ وَفِى الصُّبْحِ اَطْوَلَ مِنْ ذَالِكَ۔ (رواه مسلم)

તરજુમો હઝ. જાબિર બિન સમુરાહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ ઝોહરની નમાઝમાં સુરએ 'વલ્લયલિ ઈઝા યગ્શા' પઢતા હતા. બીજી રિવાયતમાં છે કે સૂરએ ''સબ્બિહિસ્મ રબ્બિકલ આઅલા'' પઢતા હતા અને અસરમાં પણ લગભગ એટલી જ લાંબી સૂરતો પઢતા હતા. અને સવારની નમાઝમાં એનાથી થોડીક લાંબી.(મુસ્લિમ શરીફ)

***મગરિબની નમાઝમાં રસૂલુલ્લાહ (સલ.)ની કિરાઅત***

(١٢٤) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُتْبَةَ بْنِ مَسْعُوْدٍ قَالَ قَرَأَ رَسُوْلُ اللّٰهِ ﷺ فِى صَلٰوةِ الْمَغْرِبِ بِحٰمٓ الدُّخَانِ۔ (رواه النسائى)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન ઉત્બા બિન મસ્ઉદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મગરિબની નમાઝમાં સૂરએ હામીમ અદુખાન પઢી. (નસાઈ)

(١٢٥) عَنْ جُبَيْرِ بْنِ مُطْعِمٍ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقْرَأُ فِى الْمَغْرِبِ بِالطُّوْرِ۔ (رواه البخارى ومسلم)

તરજુમો:– હઝરત ઝુબૈર બિન મુત્ઈમ (રદિ.)ફરમાવે છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને મગરિબની નમાઝમાં સૂરએ તૂર પઢતાં સાંભળ્યા છે. (બુખારી, મુસ્લિમ)

(١٢٦) عَنْ اُمِّ الْفَضْلِ بِنْتِ الْحَارِثِ قَالَتْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقْرَأُ فِى الْمَغْرِبِ بِالْمُرْسَلَاتِ عُرْفاً۔ (رواه البخارى ومسلم)

તરજુમો:– હઝરત ઉમેફઝલ બિન્તે હારિસ (રદિ.) ફરમાવે છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને મગરિબની નમાઝમાં સૂરએ મુરસલાત ઉરફન પઢતા સાંભળ્યા છે. (બુખારી, મુસ્લિમ)

(١٢٧) عَنْ عَائِشَةَ قَالَتْ اِنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ صَلّٰى الْمَغْرِبَ بِسُوْرَةِ

اَلۡاَعۡرَافِ فَرَّقَهَا فِی رَکۡعَتَیۡنِ۔ (رواہ النسائی)

તરજુમોઃ હઝ.આયશા (રદિ.)થી રિવાયત છે કે આપ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે પૂરી સૂરએ અઅરાફ મગરિબની બે રકાતોમાં થઈને પઢી. (નસાઈ)

ખુલાસો :– આ ચારેવ હદીષોમાં મગરિબની નમાઝમાં જે સૂરતોની કિરાઅતનું બયાન છે તેમાંથી કોઈ પણ તે નાની સૂરતોમાંથી નથી. જેને "કિસાર" કહેવામાં આવે છે. બલ્કે તે બધી મોટી સૂરતોમાંથી છે જેમને "તિવાલ" કહેવામાં આવે છે બલ્કે હઝરત સિદ્દીકા (રદિ.)વાળી છેલ્લી હદીષમાં જે સૂરએ અઅરાફની કિરાઅતનું વર્ણન છે તેનો પુરો સવા પારો છે; મતલબ કે આ ચારેવ હદીષોમાં મગરિબની નમાઝમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું લાંબી લાંબી સૂરતો પઢવાનું વર્ણન છે. પરંતુ આગળ લખવામાં આવતી અમૂક બીજી હદીષોથી જણાશે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો વધુ પડતો અમલ મગરિબમાં નાની સૂરતો પઢવાનો હતો, જેથી વધુ પડતા આલિમોનો ખ્યાલ છે કે ઉપરોકત હદીષોમાં મગરિબની નમાઝના જે બનાવોનું વર્ણન છે. (જેમાં આપ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે લાંબી લાંબી સૂરતો પઢી છે) તે બધા સંજોગો વસાત બનાવો હતા. નહીં તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો અમલ મગરિબની નમાઝમાં નાની જ સૂરતો પઢવાનો હતો જેમકે હઝરત ઉમર (રદિ.)ના તે પત્રથી જણાય છે જે તેઓએ હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)ને લખ્યો હતો ઈન્શા અલ્લાહ આગળ જ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ (રદિ.)નો તે પત્ર પણ લખવામાં આવશે.

## ઈશાની નમાઝમાં રસૂલુલ્લાહ(સલ.)ની કિરાઅત

(۱۲۸) عَنِ الۡبَرَاءِؓ قَالَ سَمِعۡتُ النَّبِیَّ ﷺ یَقۡرَأُ فِی الۡعِشَاءِ وَالتِّیۡنِ وَالزَّیۡتُوۡنِ وَمَا سَمِعۡتُ اَحَدًا اَحۡسَنَ صَوۡتًا مِنۡهُ۔ (رواہ البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત બરાઅ (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને ઈશાની નમાઝમાં "વત્તીની વઝઝયતુનિ" પઢતાં સાંભળ્યા છે. અને મેં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી વધુ ઉમદા અવાઝ વાળો કોઈ સાંભળ્યો નથી. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– બુખારી–મુસ્લિમની અમૂક રિવાયતોથી જણાય છે કે આ

બનાવ જેનું વર્ણન બરાઅ બિન આઝિબ (રદિ.)એ આ હદીષમાં કર્યુ છે તે સફરનો બનાવ છે અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તે નમાઝની કોઈ એક રકાતમાં સૂરએ ''વત્તીન વઝઝયતુનિ'' પઢી હતી.

(۱۲۹) عَنْ جَابِرٍؓ قَالَ كَانَ مَعَاذُ بْنُ جَبَلٍ يُصَلِّی مَعَ النَّبِیِّ ﷺ ثُمَّ يَاتِی فَيَؤُمُّ قَوْمَهٗ، فَصَلّٰی لَيْلَةً مَعَ النَّبِیِّ ﷺ الْعِشَاءَ ثُمَّ اَتٰی قَوْمَهٗ فَاَمَّهُمْ فَافْتَتَحَ بِسُوْرَةِ الْبَقَرَةِ فَانْحَرَفَ رَجُلٌ فَسَلَّمَ ثُمَّ صَلّٰی وَحْدَهٗ وَانْصَرَفَ فَقَالُوْا لَهٗ اَنَا فَقْتَ يَا فُلَانُ؟ قَالَ لَا وَاللّٰهِ وَلَاٰتِيَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ فَاُخْبِرَنَّهٗ فَاَتٰی رَسُوْلَ اللّٰهِ ﷺ فَقَالَ يَارَسُوْلَ اللّٰهِ اِنَّا اَصْحَابُ نَوَاضِحَ نَعْمَلُ بِالنَّهَارِ وَاِنَّ مَعَاذاً صَلّٰی مَعَكَ الْعِشَاءَ ثُمَّ اَتٰی قَوْمَهٗ فَافْتَتَحَ بِسُوْرَةِ الْبَقَرَةِ، فَاَقْبَلَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَلٰی مَعَاذٍ فَقَالَ يَا مَعَاذُ اَفَتَّانٌ اَنْتَ؟ اِقْرَأْ وَالشَّمْسِ وَضُحٰهَا، وَالضُّحٰی وَاللَّيْلِ اِذَا يَغْشٰی، وَسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰی۔ (متفق عليه)

તરજુમો:– હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે હઝરત મઆઝ બિન જબલ (રદિ.)નો મામૂલ હતો કે તેઓ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)સાથે આપની મસ્જિદમાં નમાઝ પઢતા, પછી આવીને તેમના કબીલાની મસ્જિદમાં ઈમામત કરતા એક રાત્રે તેમણે ઈશાની નમાઝ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે પઢી, પછી તેમના કબીલામાં આવી ઈમામત કરી, (અને સૂરએ ફાતિહા પછી) સૂરએ બકરહ શરૂ કરી દીધી, એક માણસ નમાઝ તોડી પાછળ હટી ગયા અને તેમને એકલા પોતાની નમાઝ પઢી (કેમકે આ વાત ઘણી જ મહાન હતી અને તે સમયમાં જમાઅત સાથે નમાઝનો પ્રબંધ ન કરવો માત્ર મુનાફિકની જ રીત હતી એટલા માટે) લોકોએ તેને ઘણું જ અધધ સમઝયું અને તેમને કહ્યું કે ફલાણા ભાઈ! તું મુનાફિક તો નથી ગઈ ગયોને? તેમણે જવાબ આપ્યો ખુદાની કસમ, નહી? બલ્કે હું પોતે જ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં હાજર થઈ આ વાત રજૂ કરીશ તેમણે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં હાજર થઈ અરજ કરી યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)! અમારૂ કામ ઊંટો વડે ખેતીમાં પાણી પિવડાવવાનું છે. અમે લોકો આખો દિવસ મહેનત મજુરી કરીએ છીએ અને (ગઈ રાત્રે એવું બન્યું કે) મઆઝ ઈશાની નમાઝ આપની સાથે પઢયા પછી તેમના કબીલાની મસ્જિદમાં આવ્યા, (ત્યાં તેમણે નમાઝ પઢાવવાનું શરૂ કર્યુ તો સૂરએ બકરહ શરૂ કરી

દીધી, આપ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે આ સાંભળી હઝ. મઆઝ (રદિ.) તરફ મોં કરી ફરમાવ્યું: મઆઝ! શું તમે લોકોને ફિત્નામાં નાખવા માંગો છો? 'વશ્શમશી વ દુહાહા,' 'સૂરએ વદુહા' સૂરએ 'વલ્લયલિઈઝા યગશા' અને સૂરએ ''સબ્બિહિસ્મ રબ્બિકલ આઅ્‌લા'' પઢયા કરો. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– આ હદીષના શબ્દોથી એવું જણાય છે કે હઝરત મઆઝ (રદિ.) ઈશાની નમાઝ બે વાર પઢતા હતા એક મસ્જિદે નબવીમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના મુકતદી બનીને અને બીજીવાર તેમના કબીલાની મસ્જિદમાં ઈમામ બનીને. પરંતુ બધાજ ઈમામો અને આલિમો એ વાત પર સહમત છે કે તેમાંની એક વખતની નમાઝ તેઓ નફલની નિય્યતથી પઢતા હતા, હઝરત ઈમામ શાફઈ (રહ.)નો ખ્યાલ છે કે જે નમાઝ તેઓ મસ્જિદે નબવીમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે આપની ઈકિતદામાં પઢતા હતા તે ફર્ઝની નિય્યતથી પઢતા હતા અને પોતાના કબીલાવાળી મસ્જિદમાં ઈમામ બની નફિલની નિય્યતથી પઢતા હતા, એટલા માટે ઈમામ શાફિઈ (રહ.)નું માનવું છે કે નફલ પઢનાર ઈમામ પાછળ ફરજ પઢનાર નમાઝ પઢી શકે છે. તેમના મંતવ્ય મુજબ એમાં કંઈ વાંધો નથી.

પરંતુ હઝરત ઈમામ અબૂ હનીફા (રહ.) અને ઈમામ માલિક (રહ.)ની તહકીક મુજબ નફિલ પઢનાર ઈમામની પાછળ ફરજ નમાઝ થતી નથી. હઝરત મઆઝના આ ચર્ચાવાળા બનાવ વિષે તેઓનું મંતવ્ય છે કે તેઓ ઈશાના ફરજની નિય્યતથી પોતાના કબીલાની મસ્જિદમાં જ નમાઝ પઢાવતા હતા અને મસ્જિદની જમાઅતના વખત સુધી તેઓ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં હાજર રહેતા હતા. એટલે આપની નમાઝની ખાસ બરકતોમાં ભાગ લેવા અને શિખવાની નિય્યતે તેઓ નફિલની નિય્યતથી આપની સાથે પણ શરીક થઈ જતા હતા. આ મસ્અલા પર બંને તરફથી ઘણી જ સુંદર અને ઈલ્મી ચર્ચાઓ કરવામાં આવી છે. આલિમો હદીષની શુરૂહાતમાં 'ફત્હુલ્બારી,' 'ઉમ્દતુલ્કારી,' અને 'ફત્હુલ્મુલ્હીમ'માં જોઈ શકે છે.

હદીષની ખાસ સુચના જે અમારા શિર્ષક સંબંધિત છે. જેનો ખુલાસો એ જ છે કે ઈમામોએ એટલી લાંબી નમાઝ ન પઢવી જોઈએ જે મુકતદીઓ માટે તકલીફનું કારણ બને. ખાસ કરી ઘરડા અશકત અને ધંધા મજુરી કરવાવાળા લોકોનો ખ્યાલ રાખે.

● ● ● ● ●

# અલ્લાહની રાહમાં
# સાચા હકદારો શોધીને ખર્ચ કરો.

––મુફ્તી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

إِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِيَ ۚ وَإِنْ تُخْفُوهَا وَتُؤْتُوهَا الْفُقَرَآءَ
فَهُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَيُكَفِّرُ عَنْكُمْ مِّنْ سَيِّاٰتِكُمْ ۗ وَاللّٰهُ بِمَا تَعْمَلُونَ
خَبِيرٌ ﴿٢٧١﴾ لَيْسَ عَلَيْكَ هُدٰىهُمْ وَلٰكِنَّ اللّٰهَ يَهْدِي مَنْ يَّشَآءُ ۗ وَمَا
تُنْفِقُوا مِنْ خَيْرٍ فَلِأَنْفُسِكُمْ ۚ وَمَا تُنْفِقُونَ إِلَّا ابْتِغَآءَ وَجْهِ اللّٰهِ ۚ وَمَا
تُنْفِقُوا مِنْ خَيْرٍ يُّوَفَّ إِلَيْكُمْ وَأَنْتُمْ لَا تُظْلَمُونَ ﴿٢٧٢﴾ لِلْفُقَرَآءِ الَّذِينَ
أُحْصِرُوا فِي سَبِيلِ اللّٰهِ لَا يَسْتَطِيعُونَ ضَرْبًا فِي الْأَرْضِ ۖ يَحْسَبُهُمُ
الْجَاهِلُ أَغْنِيَآءَ مِنَ التَّعَفُّفِ ۚ تَعْرِفُهُمْ بِسِيمٰهُمْ ۚ لَا يَسْـَٔلُونَ
النَّاسَ إِلْحَافًا ۗ وَمَا تُنْفِقُوا مِنْ خَيْرٍ فَإِنَّ اللّٰهَ بِهِ عَلِيمٌ ﴿٢٧٣﴾ الَّذِينَ
يُنْفِقُونَ أَمْوَالَهُمْ بِالَّيْلِ وَالنَّهَارِ سِرًّا وَّعَلَانِيَةً فَلَهُمْ أَجْرُهُمْ عِنْدَ
رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٢٧٤﴾

તરજમહ : જો તમે સદકા (ખયરાત) જાહેર કરો તો એ ઘણી સારી વાત છે, પણ જો તમે તેને છુપાવીને મોહતાજોને આપો તો આમ કરવું તમારા માટે વધારે સારું છે અને અલ્લાહ તમારા ગુનાહોમાંથી (ઓછા વધતા) માફ કરી દેશે. અને અલ્લાહ તમે જે કંઈ કરો છો, એ બધું જ જાણે છે. (૨૭૧) (હે નબી !) આ (કાફિર) લોકોને હિદાયત ઉપર લઈ આવવા આપના જિમ્મે નથી, બલકે અલ્લાહ જેને ચાહે છે તેને સીધી રાહ પર લાવે છે. અને તમે જે કંઈ માલ ખર્ચ કરશો, તે તમારા પોતાના જ ફાયદા માટે છે, અને તમે ફકત અલ્લાહને રાજી કરવા જ ખર્ચ કરશો. અને તમે જે કંઈ માલ ખર્ચ કરશો તે પૂરો (સવાબ સ્વરૂપે પાછો) તમને આપવામાં આવશે. અને (એમાં) તમારા ઉપર જુલમ નહીં થાય. (૨૭૨) અસલ હક એવા ગરીબોનો છે જેઓ અલ્લાહની રાહમાં રોકાયેલા હોય (અને) તેઓ (રોજી માટે) પ્રદેશમાં સફર કરી શક્તા નથી. સવાલથી બચવા(ની ખુદારી)ના કારણે અજાણ્યો માણસ તેઓને માલદાર સમજે છે, (પણ) તમે એમના હાવ – ભાવ પરથી જ એમને ઓળખી શકો છો. તેઓ માંગવા માટે લોકોને વળગી નથી પડતા. અને તમે જે કંઈ માલ ખર્ચ કરશો તે અલ્લાહ તેને ખૂબ જાણે છે. (૨૭૩) જે લોકો રાત – દિવસ, જાહેરમાં અને છુપાયને એમનો માલ ખર્ચ કરે છે, એમને એમના પરવરદિગાર પાસે એમનો સવાબ

મળશે. અને ન તેઓને કંઈ ડર હશે અને ન તેઓને કોઈ પસ્તાવો હશે. (૨૭૪)

તફસીર : આયત નં : ૨૭૧ માં સદકહ, ખૈરાત, દાન વગેરે બાબતે છુટ આપવામાં આવી છે કે માણસ ચાહે તો છુપાવીને કરે અને ચાહે તો જાહેરમાં કરે. અલબત્ત કોઈ વિશેષ જરૂરત ન હોય તો છુપાવીને દાન કરવું જ બેહતર છે. ઘણીવાર એવી જરૂરત આવી પડી છે કે માણસ પોતાના દાન – સદકહને છુપાવી જ નથી શકતો. છુપાવવા જાય તો સદકહની તક અને નેકી હાથમાંથી જતી રહે. જેમ કે રસ્તે પડેલા કોઈ ભુખ્યા – તરસ્યા મોહતાજને જાહેરમાં જ ખવડાવવું પડે. એમાં કોઈ વિચારે કે જાહેરમાં આમ કરીશ તો દેખાવ અને બનાવટ કહેવાશે, તો પછી મોહતાજ માણસ ભુખ્યો જ રહી જાય, નેકીની તક હાથમાંથી જતી રહેવા ઉપરાંત મોહતાજ સામે હોવા છતાં એની મદદ ન કરવાનો ગુનો પણ લાગુ પડે. એટલે અલ્લાહ તઆલાએ સદકહ – ખૈરાતમાં બન્ને રીતોની છુટ આપવામાં આવી.

સદકહ ખૈરાતનો મોટો ફાયદો અને મહાન સવાબ કુરઆનમાં જ આગળ વર્ણવ્યો કે સદકહ કરવાથી અલ્લાહ તઆલા માણસના બધા જ અથવા થોડા ઘણા ગુનાહો માફ કરી દે છે. એટલે કે તોબા, માફી, ઈબાદત જેવી અન્ય નેકીઓની જેમ માલનો સદકહ પણ ગુનાહો માફ કરાવવાનું મોટું સાધન છે. ઉલમા કહે છે કે માણસથી ગુનાહો થઈ જાય એ શકય છે, કારણ કે એ માણસ છે, ફરિશ્તો નથી. એટલે જયારે પણ ગુનાહ થઈ જાય, તુરંત એના પછી કોઈ નેકી કરી લ્યો. એની બરકતથી અલ્લાહ તઆલા ગુનો માફ કરી દે છે.

આયતમાં 'ફુકરાઅ' શબ્દ આવ્યો છે, એટલે કે મોહતાજ અને જરૂરત મંદ. ચાહે તે મુસલમાન હોય કે કાફિર. દરેકને સદકહ ખૈરાત આપી શકાય છે અને કુરઆનનો હુકમ દરેક માટે છે. હા, શરીઅતે જે સદકહ ફરજ ઠેરવ્યો છે, જેમ કે ઝકાત – સદકએ ફિત્ર, એ ફકત મુસલમાનોને જ આપવામાં આવશે.

હદીસ શરીફમાં આવે છે કે અમુક સહાબા એમની આસપાસ કે ઓળખાણમાં હોય એવા કાફિર – ગેરમુસ્લિમ મોહતાજને સદકહ આપવાથી ખચકાતા હતા. એમ વિચારીને કે એને સદકહ આપવાથી એ એની ગરીબીની લાચારીએ અને આપણી મદદની લાલચે મુસલમાન બની જશે, અને આવી

રીતે મુસલમાન બનવાનો શો ફાયદો ? આ બાબતે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, હિદાયત અને ઈમાનની દોલત તમારા આવા કામો ઉપર મોકૂફ નથી. એ તો અલ્લાહ જેને ચાહે તેને જ આપશો. માટે તમારે તમારું કામ કરતા રહેવાનું છે. એ માણસ ગરીબ હોય તો એની મદદ કરો અને યોગ્ય રીતે એને ઈમાનની દાવત પણ આપતા રહો. અલ્લાહ ચાહશે તો એને હિદાયતની દોલત મળશે. પછી અલ્લાહ તઆલા ફરમાવે છે કે તમારી ખૈરાતના બે મકસદ હોવા જોઈએ. પોતાનો આખિરતનો ફાયદો અને ફકત અલ્લાહ તઆલાની ખુશી. અને અલ્લાહ તઆલા આ બન્ને મકસદ મુજબ પૂરો બદલો માણસને આપશે. એટલે કોઈને પણ સદકહ આપતી વેળા કોઈ બીજો વિચાર કે અંદેશો કરીને આવી મોટી નેકી ન કરવી અકલમંદી નથી.

આયત નં : ૨૭૩ માં સદકહ – ખૈરાતના અસલ હકદારોનું વર્ણન કરતાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે અલ્લાહ તઆલાના રસ્તામાં એટલે દીન અને ઈસ્લામના વિવિધ કામો જેમ કે જિહાદ, તાલીમ, અદાલત, સુલેહ, સમાજસુધારણા, મુસલમાનોના જાન માલ અને દેશની સરહદોની રક્ષા જેવી જવાબદારીઓ બજાવનાર લોકો એમાં જ મશ્ગૂલ રહે છે, એમને પોતાની રોઝી કમાવાનો સમય અને ફુરસદ નથી હોતી, એટલે મુસલમાનોના સદકહ – ખૈરાતના સાચા હકદારો તેઓ જ છે. આ લોકો પોતાની દીનદારી, તકવા અને એહતિયાતના કારણે સામે ચાલીને લોકો પાસે કંઈ માંગતા નથી. અને કંઈ માંગવા માટે કોઈને વળગી પડે કે પાછળ પડી જાય એવું તો હરગિઝ નથી કરતા. ઘણા નાદાન લોકો એમને માલદાર સમજે છે, પણ એમના હાવ ભાવથી સમજદાર માણસ સમજી શકે છે કે આ જરૂરતમંદ છે. આવા લોકોને સદકહ અને દાન આપો. તમે જે કંઈ આપશો એ બધાની અલ્લાહની ખબર છે અને એ એનો બદલો આપશે. ખુલાસો આ છે કે માણસ અલ્લાહની રાહમાં જાહેર રીતે કે છુપાયને, દિવસે કે રાત્રે, જે રીતે પણ ખર્ચ કરશે, અલ્લાહ તઆલા એને પૂરો સવાબ અને અજર આપશે. અને આખિરતમાં એમને અઝાબ કે જહન્નમની બીક કે દુનિયાની મહેનત બેકાર જવાનો ગમ નહીં હોય.

ઇસ્લામી દાવત માટે તાઇફની સફર અને ત્યાં મળેલી અસફળતાના પછીના

# કપરા સંજોગોમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અપનાવેલ ભવિષ્યની રણનીતિ

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક તરફ મક્કામાં ઈસ્લામની સુંદર તાલીમનું માર્ગદર્શન અને જાણકારી આપીને લોકો ઈસ્લામ અપનાવે એના પ્રયાસો કરી રહયા હતા, તો બીજી તરફ આપના દુશ્મનો લોકોને એનાથી રોકી રહયા હતા અને જે લોકો મુસલમાન થઈ ગયા હતા એમને મારી – સતાવી રહયા હતા. દુશ્મનો ચાહતા કે સીધા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જ ખામોશ કરી દેવામાં આવે, પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા અબૂતાલિબ મક્કાના મોટા સરદાર હતા, એમની ધાક અને બીકના કારણે કોઈ કંઈ કરી શકતું ન હતું. અબૂતાલિબ મુસલમાન ન હતા, છતાં ભત્રીજા મુહમ્મદની તરફદારી અને રક્ષામાં બધાની આગળ રહેતા હતા. મક્કાના બધા કબીલાઓ એક થઈને અબૂતાલિબ સામે આવી ગયા અને ભત્રીજા મુહમ્મદને રોકવામાં નહીં આવે તો આખા કુટુંબનો બાયકોટ કરવામાં આવશે, એવી ધમકી આપી. અબૂતાલિબ આ ધમકીને પણ તાબે ન થયા અને મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે આખું કુટુંબ અલગ થઈને એક તળેટીમાં રહેવા ચાલ્યું ગયું.

અલબત્ત અબૂતાલિબની વફાત પછી દુશ્મનોને કોઈની ધાક કે શરમ રહી નહીં અને તેઓ આક્રમકતા સાથે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને મુસલમાનોના વિરોધમાં સામે આવી ગયા. મારવા – સતાવવા ઉપરાંત હત્યા કરવાના મન્સૂબા બનાવવા લાગ્યા. હવે શું કરવું ? મક્કાવાસીઓ ઈસ્લામ સ્વીકારી લે એ માટે કરવામાં આવેલ અણથક પ્રયાસોનું ધાર્યું પરિણામ મળતું ન હતી. બધી મહેનત બેકાર જાય એવા સંજોગો હતા. ચારેવ તરફ માયૂસી દેખાતી હતી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ આ એક કપરો સમય હતો. બિરાદરી અને કુટુંબનો સામુહિક સાથ – સહકાર રહયો ન હતો. મુસલમાન થયેલા અમુક લોકો દુશ્મનોના ત્રાસથી પરેશાન થઈને હબ્શહ હિજરત કરી ગયા હતા. મક્કામાં જે રહી ગયા હતા તેઓ થોડા અને એકલ દોકલ હતા. હવે વધારે મક્કાવાસીઓ મુસલમાન બને અને ઈમાન લાવે એની કોઈ આશા દેખાતી ન હતી. કોઈ કાચા કાળજાનો માનવી તો આ કાંટા ભરેલ રસ્તો છોડીને એક તરફ બેસી જાય. માયૂસ થઈને સત્યનો સાથ છોડી બેસે.

આવા કપરા સમયે ઠંડા દિલે, ધીરજ, ધૈર્ય અને દુરંદેશી રાખીને આગળના

પગલાં વિશે વિચારવાની જરૂરત હતી. ઘણું બધું વિચારીને નબીએ કરીમ સલ્લલ્લાહુ વ સલ્લમે તાઈફ શહેર જઈને ત્યાંના લોકોને ઈમાન અને ઈસ્લામની શિખામણ આપવાનું નક્કી કર્યું.

એક સ્થળે મહેનતનું ધાર્યું પરિણામ ન મળ્યું તો રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નાસીપાસ ન થયા. પોતાની મહેનત અને ધર્મ છોડયો નહીં. દીન અને દીનની મહેનત વિશે એવું વિચાર્યું નહીં કે આ મહેનત બેકાર છે. કોઈ એને અપનાવશે નહીં એટલે રહેવા દઈએ, બલકે મહેનતને વળગી રહયા. નિરંતર અને લગાતાર મહેનત કરતા રહયા. અલબત્ત એક સ્થળે એનું ફળ ન મળ્યું તો મહેનતનું મેદાન બદલી નાંખ્યું. સંજોગો મુજબ આ ઘણો જ બેહતર નિર્ણય હતો.

પોતાના સેવક ઝૈદ બિન હારિસ રદિ.ને સાથે લઈને આપ તાઈફ મુકામે પહોંચ્યા. મક્કાથી સાંઈઠ માઈલના અંતરે આવેલ તાઈફ શહેર અને આસપાસનો વિસ્તાર ઘણો ફળદ્રુપ હતો. લોકો સુખી અને સંપન્ન હતા. અમીરોનું શહેર ગણાતું હતું. મક્કાવાસીઓ પણ ત્યાં આવતા જતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એવું ઈચ્છતા હતા કે તાઈફના લોકો કે ત્યાંના સરદારો મુસલમાન થઈ જાય તો ઈસ્લામ અને મુસલમાનોને એક યોગ્ય ઠેકાણું કે કેન્દ્ર મળી જાય. અને એની અસરથી આખા અરબસ્તાનમાં ઈસ્લામનું કામ સરળ થઈ જાય.

તાઈફ પહોંચીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહુપ્રથમ ષકીફ કબીલાના સરદાર ગણાતા ત્રણ ભાઈઓને મળ્યા. આ ત્રણેવ ભાઈઓનું તાઈફમાં વર્ચસ્વ હતું એટલે સહુપ્રથમ એમને મળીને ઈસ્લામની સમજ આપવાનો પ્રયત્ન કર્યો. આ ત્રણેવ ભાઈઓએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વાત સાંભળવાથી જ ઈન્કાર કરી દીધો. ઉપરથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને આપના ઉચ્ચ સ્થાન વિશે અપમાનજનક ટીકાઓ કરવા લાગ્યા. એક બોલ્યો કે અલ્લાહને તારા સિવાય કોઈ બીજો રસૂલ મળ્યો જ નહીં ? બીજાએ કહયું કે, અલ્લાહ કોઈને નબી બનાવે તો એ કોઈ અમીર અને સરદાર હશે, તારા જેવો ના હોય, તારી પાસે તો સફરની સવારી પણ નથી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આ બધાં અપમાન ધીરજ સાથે બરદાશ્ત કરી લીધાં અને એમના સામે એક છેલ્લી માંગણી આ મૂકી કે, તમે ઈસ્લામ સ્વીકાર ન કરો તો એ તમારી મરજી ! પણ મને તાઈફમાં હું અન્ય લોકો અને સરદારોને મળું તો તમે એનો વિરોધ ન કરશો. આ લોકોને એ પણ પસંદ ન હતું. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તાઈફ છોડી જવાનું કહી દીધું, અને તાઈફના બદમાશ અને માથાફરેલ લોકોને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાછળ લગાવી દીધા. આ બદમાશ

લોકો અને જાહિલ ગુલામો આપને ગાળો આપતા, શોર મચાવતા પથ્થરો ફેંકતા રહયા. પાછળ પાછળ ચાલતા અને પગોની એડીઓ ઉપર પથ્થર મારતા હતા. લોહી લુહાણ થઈને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બેસી જતા તો હાથ પકડીને ઉભા કરી દેતા અને ફરી પથ્થર મારવા માંડતા. ઉપરથી ગાળો, અપશબ્દો, અપમાન અને મશ્કરી વધારે. કોઈ કહેતું કે, એવો ખુદા શા કામનો જે એના રસૂલનું રક્ષણ ન કરી શકે. કોઈ બોલતું કે જો તું સાચો રસૂલ છે તો અમારા પથ્થરો પાછા અમારા ઉપર કેમ નથી આવતા ? કયાં છે તારો ખુદા ? એ તારી મદદે કેમ નથી આવતો ? મુસીબતોની કોઈ હદ ન હતી. અપમાન એવું કે પથ્થર દિલ માણસ પણ નાસીપાસ થઈ જાય.

આપ રદિ.ના ખાદિમ ઝૈદ બિન હારિસ રદિ. આપની પાછળ પડેલા ટોળામાં કયાંક અટવાય ગયા હતા, તે શોધતા શોધતા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે પહોંચ્યા તો આપની હાલત જોઈને કાંપી ગયા. જેમ તેમ કરીને આપને બદમાશોના ટોળામાંથી બહાર કાઢી લાવ્યા અને શહેરની બહાર એક વાડી પાસે લઈ આવ્યા. અહિંયા દીવારના સહારે જખ્મોનું લોહી સાફ કર્યું અને પટ્ટીઓ બાંધી.

ફરીપાછી અત્યંત કપરા સંજોગો સામે હતા. મક્કાના લોકોથી માયૂસ થઈને અહીંયા આવ્યા હતા, પરંતુ અહીયાં પણ મક્કા જેવી જ હાલત હતી. કોઈ સાંભળનાર, માનનાર અને મદદ કરનાર ન હતું. એક પછી એક આવી નાકામી અને નિરાશાજનક ઘટનાઓ કોઈ પણ માણસને હચમચાવી મુકે. ગમે તેવો ચમરબંધી આવા સંજોગોમાં પોતાનું મિશન અને મહેનત છોડીને મેદાન છોડી જાય. કોઈ બીજો હોય તો આવા લોકો વિશે બદદુઆ કરી દે, બદલો લેવાની ધમકી આપે. આખું શહેર અને એમાં વસતા લોકોની પેઢીઓને પણ બદદુઆ – શ્રાપ આપીને બરબાદીની આગાહી કરી દે. હઝરત જિબ્રઈલ અલૈ.એ આવીને અરજ કરી કે અલ્લાહ તઆલાનો હુકમ છે, તમે ચાહો તો આ બે પહાડો વચ્ચે આખા તાઈફ શહેરને ભીંસીને ખતમ કરી દેવામાં આવે. આપના સેવક ઝૈદ રદિ. કહેવા લાગ્યા કે, આપ આવા લોકો વિશે બદદુઆ કેમ નથી કરતા ?

મક્કામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કોઈ સહકાર ન મળ્યો, ઉલટાનો વિરોધ બલકે સતામણી અને અત્યાચાર કરવામાં આવ્યો. માયૂસ થઈને નુબુવ્વતની મહેનત છોડવાના બદલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સ્થળ બદલીને તાઈફમાં ઈસ્લામની દાવતનું કામ શરુ ફરમાવ્યું. અત્રે મક્કા કરતાં વધારે મુસીબતો સામે આવી. તાઈફના લોકો તરફથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પહોંચેલ અપાર તકલીફો, અત્યાચાર અને અપમાન જોવામાં આવે,

ઉપરથી અલ્લાહના પયગામ, ઈસ્લામ – કુરઆન વિશે એમનો ઈન્કાર, નબી અને રસૂલ હોવા વિશે એમની ઠઠ્ઠા મશ્કરી વગેરે અનેક અવરોધો જોવામાં આવે તો કોઈ પણ માણસ કાં તો પોતે જ પોતાને ખોટો સમજીને દીન, ઈસ્લામ, નુબુવ્વત અને રિસાલતની મહેનતને છોડીને એક તરફ બેસી જાય અથવા તો અલ્લાહ તઆલા પાસે કોઈ ચમત્કાર – મોઅજિઝાની માંગણી કરીને બધાને પોતાની વાત માનવા મજબૂર કરી દે. પરંતુ અલ્લાહના રસૂલો આવા કાચા કાળજાના નથી હોતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તાઈફના લોકો માટે કોઈ બદદુઆ કરી નહીં, બલકે એમની આવતી પેઢીઓ વિશે આશા વ્યકત કરી કે, અમેની આવતી પેઢીઓ જરૂર મારી વાત સમજશે અને મુસલમાન બનશે.

મક્કાથી માયૂસ થઈને તાઈફ આવ્યા હતા, પણ મહેનતનું કોઈ પરિણામ મળ્યું નહી, આવા વિપરીત અને વિરોધી માહોલ અને અપમાન અને અત્યાચારના વર્તન પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આગળના જીવન વિશે, હવે પછી દીનનું કામ અને મહેનત કરવા વિશે શું નિર્ણય કરવો ? મહેનત ચાલુ રાખવી કે પછી માયૂસ થઈને બેસી જવું કે થોડા સમય રાહ જોવી ?

ભવિષ્યની નીતિ અને આગળના પગલા વિશે કંઈક નક્કી કરવાનો આ કપરો સમય હતો. દરેક વખતની જેમ આ વેળા પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ધીરજ, ધૈર્ય, દીર્ઘદષ્ટિ અને દઢતાપૂર્વક નક્કી કર્યું કે પાછા મક્કા જતા રહીએ. અને કોઈ બીજા શહેર કે પ્રદેશના લોકો સામે ઈસ્લામનો સંદેશ અને પયગામ રજૂ કરવામાં આવે.

જો આ સમયે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના દિલમાં કંઈક માયૂસી અને પોતાના વર્તનમાં ઈસ્લામની મહેનત વિશે કંઈક કોતાહી આવવા દીધી હોત તો હવે પછીના દિવસોમાં 'ઈસ્લામ'ને સફળતા ન મળત. પણ દઢતા – અડગતાની એક અનોખી મિસાલ કાયમ કરીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હાર માની નહીં, પોતાના અકીદાને અને માન્યતાને વળગી રહયા. ઈસ્લામ સાચો દીન છે, પોતે અલ્લાહના રસૂલ છે, મારી વાત જ સાચી અને મારી મહેનત જ ખરી છે, સફળતા એમાં જ છે અને આખરે સફળતા મળશે એ ખુદાના વાયદા ઉપર યકીન રાખ્યું. પછીના વરસોમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હજના દિવસોમાં મદીનાના લોકોને ઈસ્લામની સમજણ આપી, એમને મુસલમાન થવા રાજી કર્યા અને બે જ વરસોમાં મદીનામાં એટલા બધા લોકો મુસલમાન થઈ ગયા કે મદીના ઈસ્લામનું કેન્દ્ર બની ગયું.

# દુઆનું મહત્વ અને એની અસર

અલ્લાહ તઆલા તરફથી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નબી બનાવીને લોકો સામે એટલા માટે જ રજૂ કરવામાં આવ્યા હતા કે લોકો રસૂલે ખુદામાં ઈસ્લામી જીવનનો નમૂનો જુએ અને એ મુજબ પોતે પણ ઈસ્લામ ઉપર અમલ કરે. કુરઆનમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે લોકો માટે અલ્લાહના રસૂલના જીવનમાં એક સુંદર નમૂનો છે. એના મુજબ લોકો અમલ કરે તો અલ્લાહના હુકમો ઉપર અમલ થઈ જશે. દરેક એવી વાત જેનું માર્ગદર્શન માણસને માનવીય બુદ્ધિથી મળી ન શકે, એની રાહબરી અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફત લોકો સુધી એવી રીતે પહોંચાડી છે કે એના ઉપર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પણ લગાતાર અમલ પણ કર્યો.

દુઆ, પણ એક એવી બાબત છે જેની રીત અને નિયમ બીજી વિગતો માણસના જ્ઞાનમાં ન હોય, એટલે આ બાબતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વિગતવાર લોકોની રાહબરી ફરમાવી છે.

હદીસ શરીફમાં છે કે દુઆ સઘળી ઈબાદતોનું મુળ અને ફળ છે. એટલે કે બધી ઈબાદતોમાં બુનિયાદી બાબત દુઆ છે. બંદાને અલ્લાહની બંદગી માટે જે પણ ઈબાદતનો હુકમ છે એમાં અલ્લાહ આ બાબત શામેલ હોય છે કે બંદો ઈબાદતના બહાને અલ્લાહ તઆલા પાસે દુઆ કરે. બીજી એક હદીસમાં આ જ આધારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : દુઆ જ અસલી ઈબાદત છે. બલકે એક હદીસમાં છે કે જે માણસ દુઆ નથી કરતો, અલ્લાહ તઆલા સામે હાથ નથી ફેલાવતો, અલ્લાહ તઆલા એનાથી નારાજ થાય છે.

માણસ દુઆ થકી જ અલ્લાહ સમક્ષ એની બંદગી વ્યકત કરે છે, અને અલ્લાહનો નેક અને મકબૂલ બંદો બને છે. એટલે જ દુઆ કરનાર બંદો

અલ્લાહ તઆલાને ઘણો જ પસંદ છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાના સૌથી મહબૂબ બંદા હતા, એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દુઆનો ખાસ એહતિમામ ફરમાવતા હતા. અને લોકોને પણ દુઆની ખાસ તાકીદ – તાલીમ ફરમાવતા હતા. વિવિધ સમયે માંગવાની ખાસ ખાસ દુઆઓ ઉપરાંત સેંકડો બલકે હઝારો દુઆઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઉમ્મતને શીખવાડી છે.

અલ્લાહ તઆલા ચાહે તેની પણ દુઆ કુબૂલ ફરમાવી શકે છે. એના ઉપર કોઈ પાબંદી નથી કે કોઈની દુઆ કુબૂલ કરે અને કોઈની ન કરે. તે ચાહે તો કાફિરની દુઆ પણ કુબૂલ કરે, એને કોઈ પૂછનાર નથી. અલબત્ત હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અમુક એવી વાતો બતાવી છે જેનો ખ્યાલ રાખવામાં આવે તો માણસની દુઆ કુબૂલ અલ્લાહના દરબારમાં કુબૂલ થઈ જાય છે. જેમ કે દુઆ માંગનાર વ્યકિત હલાલ રોઝી ખાતો હોય. અલ્લાહ તઆલાના હકો અને લોકોના હકો અદા કરતો હોય. વગેરે. આવા આદાબમાં એક મહત્વની બાબત આ પણ છે કે માણસને અલ્લાહ તઆલા ઉપર યકીન હોય કે મારી દુઆ જરૂર કુબૂલ થાય છે. જેટલું અલ્લાહ તઆલા ઉપર યકીન વધારે હોય એ મુજબ દુઆ વહેલી અને તાકીદે કુબૂલ થાય છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહાબાને કોઈ દુઆ શીખવાડતા તો સહાબએ કિરામ એના ઉપર પુરું યકીન કરીને એ મુજબ દુઆ કરતા હતા અને તુરંત એમની દુઆઓ કુબૂલ થતી હતી.

હઝરત ઉમ્મે સલ્મહ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પત્નિ એટલે કે ઉમ્મુલ મુઅમિનીન છે. પહેલાં એમના નિકાહ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફોયભાઈ હઝરત અબૂસલ્મહ બિન અસદ રદિ. સાથે થયા હતા. મક્કામાં જ બન્ને મુસલમાન થઈ ગયાં હતાં. પછી હિજરત કરીને બન્ને મદીના શરીફ આવી ગયાં.

બન્ને વચ્ચે ઘણી જ મુહબ્બત હતી. ઘણી જ ખુશી સાથે જીવન વિતાવતાં હતાં. એક દિવસ હઝરત ઉમ્મે સલ્મહ રદિ. કહેવા લાગ્યાં કે, મેં સાંભળ્યું છે કે જે ઓરતના શોહરનો ઈન્તેકાલ થઈ જાય, શોહર જન્નતી હોય અને તે ઓરત પછી બીજી શાદી ન કરે તો અલ્લાહ તઆલા આ મીયાં – બીવીને જન્નતમાં પણ ભેગાં જ રાખશે. માટે આપણે બન્ને કરાર કરીએ કે તમારો પહેલાં ઈન્તેકાલ થાય તો હું બીજા નિકાહ નહીં કરું અને મારો પહેલાં ઈન્તેકાલ થાય તો તમે બીજા નિકાહ નહીં કરો.

એમના શોહર ઉમ્મે સલ્મહ રદિ.એ કહયું કે તમે મારી વાત માનો તો મારું કહેવું છે કે મારો પહેલાં ઈન્તેકાલ થાય તો તમે બીજી શાદી કરી લેજો.

હઝરત અબૂસલ્મહ રદિ.ને ઉહદની લડાઈ વેળા એક ઝખ્મ લાગ્યો હતો. જે પાછળથી એક બીજી લડાઈથી પાછા ફરતી વેળા વધી ગયો. આ વેળા અબૂસલ્મહ રદિ.એ એમના પત્નિ ઉમ્મે સલ્મહ રદિ.ને બોલાવીને કહયું કે મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કહેતાં સાંભળ્યા છે કે, જો કોઈ મુસલમાનને મુસીબત પહોંચે અને તે એના ઉપર ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન પઢે, અને પછી નીચેની દુઆ કરે તો અલ્લાહ તઆલા જરૂર એ જ પ્રમાણે કરશે.

أَللّٰهُمَّ أَجِرْنِى فِىْ مُصِيْبَتِىْ وَاخْلُفْ لِىْ خَيْراً مِنْهَا.

હે અલ્લાહ ! મારી આ મુસીબતમાં મને અજર અને સવાબ આપો અને મને આ મુસીબતના બદલામાં એનાથી બેહતર રાહત અતા ફરમાવો.

કુદરતનું કરવું કે થોડા દિવસ પછી હઝરત અબૂસલ્મહ રદિ.નો ઈન્તેકાલ થઈ ગયો.

એમના ઈન્તેકાલથી હઝરત ઉમ્મે સલ્મહ રદિ.ને ઘણો આઘાત લાગ્યો. અને તેઓ ગમગીન રહેવા લાગ્યાં. એક દિવસ એમને એમના શોહરે બતાવેલી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની દુઆ

યાદ આવી ગઈ.

એમણે આ દુઆ બે ત્રણવાર પઢી કે,

*હે અલ્લાહ ! મારી આ મુસીબતમાં મને અજર અને સવાબ આપો અને મને આ મુસીબતના બદલામાં એનાથી બેહતર રાહત અતા ફરમાવો.*

પણ પછી એમને હઝરત અબૂસલ્મહ રદિ.ની મુહબ્બત અને વર્તન યાદ આવી ગયાં અને મનોમન કહેવાં લાગ્યાં : અબૂસલ્મહ કરતાં બેહતર શોહર વળી કોણ હશે જે મને મળે ?

અબૂસલ્મહ રદિ.ની વફાતની ઈદ્દત પૂરી થયા પછી અનેક મોટા સહાબાએ નિકાહનો પયગામ મોકલ્યો, પણ એમણે નકારી દીધો. અંતે એક દિવસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને નિકાહનો પયગામ મોકલ્યો.

હવે ફરી પાછા હઝરત ઉમ્મે સલ્મહ રદિ.ને પેલી દુઆના શબ્દો યાદ આવી ગયા કે યા અલ્લાહ, મને બેહતર બદલો અતા ફરમાવો. અને પછી મનોમન બોલ્યાં : હા, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અબૂસલ્મહ કરતાં બેહતર અને શ્રેષ્ઠ શોહર છે. *(તમ્હીદ, શર્હે મુઅત્તા)*

હઝરત ઉસ્માન બિન આસ રદિ. વર્ણવે છે કે એમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે શરીરમાં દર્દ હોવાની શિકાયત કરી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, દર્દની જગ્યાએ તમારો હાથ મૂકો, ત્રણવાર બિસ્મિલ્લાહ પઢો અને પછી સાતવાર આ દુઆ પઢોઃ

أَعُوْذُ بِعِزَّةِ اللّٰهِ وَ قُدْرَتِهٖ مِنْ شَرِّ مَا أَجِدُ وَ أُحَاذِرُ

મને જે દર્દ છે અને જેની મને ચિંતા છે એની બુરાઈથી બચવા હું અલ્લાહની ઈઝઝત અને કુદરતની પનાહમાં આવું છું.

હઝરત ઉસ્માન રદિ. ફરમાવે છે કે, મેં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બતાવ્યા મુજબ અમલ કર્યો તો અલ્લાહ તઆલાએ દર્દ ખતમ કરી દીધું. અને હું મારા ઘરવાળાઓ અને બીજા લોકોને પણ આ જ

પ્રમાણે કરવાની તાકીદ કરું છું. *(મિશ્કાત)*

હઝરત અબૂઉમામહ રદિ. રિવાયત કરે છે કે હઝરત ખાલિદ બિન વલીદ રદિ.એ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અરજ કરી કે યા રસૂલલ્લાહ ! મને રાત્રે અમુક ડરામણી વસ્તુઓ દેખાય છે, પરિણામે તહજ્જુદની નમાઝ નથી પઢાતી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હે ખાલિદ !

તમે કહો તો હું તમને એવી દુઆ શીખવાડું જેને તમે ત્રણ વાર પઢી લ્યો તો અલ્લાહ તઆલા તમારી તકલીફ દૂર કરી દેશે.

હઝરત ખાલિદ રદિ.એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! મારા મા – બાપ આપ ઉપર કુરબાન, આ દુઆ મને જરૂર શીખવાડો. એટલા માટે જ તો આપને મેં આ તકલીફ દર્શાવી છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે આ દુઆ પઢતા રહો :

أَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّةِ مِنْ غَضَبِهٖ وَ عِقَابِهٖ وَ شَرِّ عِبَادِهٖ وَ

مِنْ هَمَزَاتِ الشَّيَاطِيْنِ وَ أَنْ يَحْضُرُوْنَ

હું અલ્લાહના ગુસ્સાથી, એની સજાથી, અને એના બંદાઓની બુરાઈથી, અને શયતાનના વસવસાથી અને શયતાનની મારી પાસે હાજરીથી બચવા અલ્લાહના પૂર્ણ શબ્દોની બરકત વડે પનાહ ચાહું છું.

હઝરત આઈશહ રદિ. ફરમાવે છે કે અમુક જ રાતો પછી હઝરત ખાલિદ રદિ. આવ્યા અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! મારા મા – બાપ આપ ઉપર કુરબાન, આપે શીખવાડેલ દુઆ હજુ ત્રણ જ વાર પઢી હતી ને અલ્લાહ તઆલાએ મારી સમસ્યા ખતમ કરી દીધી. હવે તો એવી હાલત છે કે હું જંગલમાં જઈને સિંહ પાસે રાતવાસો કરું તો પણ મને કોઈ ડર ન લાગે. (મુઅજમે અવસત, મુઅત્તા માલિક).

---

# સમયનું મહત્વ

સમય, ફુરસદ, અવસર, મોકો અને નવરાશ, મહામૂલી દોલત છે. અને દોલતનો હક આ છે કે એનાથી ખૂબ ફાયદો ઉઠાવવામાં આવે. એને એમ જ પડી રહેવા દેવામાં ન આવે. જે સમય માણસની સુસ્તી અને આળસમાં બેકાર જાય છે એ કદી પાછો આવતો નથી. જે લોકો સમયને સાચવે છે, કદર કરે છે અને યોગ્ય સમયે કરવાના કામ કરી લે છે તેઓ સફળતાના શિખરો સર કરે છે. અને જે લોકો ફકત વિચારોમાં મગ્ન રહે છે, વાતોમાં રાચ્યા રહે છે, સપનાઓમાં વિહારે છે એમના વિચારોનું ફળ, વાતોનું પરિણામ અને સપનાઓની અસલિયત કદી સાકાર નથી થતી.

સમયની કદર કરવા માટે દરેક ભાષામાં અનેક કહેવતો અને રૂઢિપ્રયોગો આપણને જોવા મળે છે. કુરઆન અને હદીસમાં, અલ્લાહ તઆલા અને રસૂલે ખુદાએ અનેક વાર સમયની કદર કરવાની તાકીદ અને નસીહત ફરમાવી છે. કુરઆનમાં અલ્લાહ તઆલા કોઈ વાતે તાકીદ કરવા હેતુએ કદી કસમ ખાયને પણ વાત વર્ણવે છે. એમાં અલ્લાહ તઆલા ઘણીવાર કામની, મહત્વની, અને ઉપયોગી વસ્તુઓના નામની પણ કસમ ખાયને વાત વર્ણવે છે. એક સ્થળે કુરઆનમાં સમયની કસમ ખાયને ઘણી જ કામની વાત કહેવામાં આવી છે. ત્રીસમાં સીપારામાં અલ્લાહ તઆલાનું કથન છે : ઝમાનાની કસમ ! જે લોકો ઈમાન લાવે, નેક કામ કરે, પરસ્પર એકબીજાને સબ્ર અને સત્યની તાકીદ કરતા રહે, એમના સિવાય બીજા બધા જ માણસો ખોટમાં છે.

હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : બે નેઅમતોની લોકો કદર નથી કરતા. સમય અને તંદુરસ્તી. (બુખારી શ.) બીજી એક હદીસમાં છે કે કોઈ મશ્ગૂલી આવી પડે એ પહેલાં ફુરસદની કદર કરીને કરવાના કામો (નેકીઓ) કરી લ્યો.

દરિયાનું વહેતું પાણી પાછું આવતું નથી. સમયનું પણ આવું જ છે. વીતેલો સમય કદી પાછો આવતો નથી. બાળપણ ફરી મળતું નથી. જવાની

પાછી આવતી નથી. જીવન ફરી મળવાનું નથી. સમયની આ દોલત જેટલી સસ્તી લાગે છે એટલી જ મોંઘેરી છે. અને કયામતના દિવસે ધન, દોલત, સોના ચાંદી, નેકીઓ – બુરાઈઓની જેમ એનો પણ હિસાબ આપવાનો છે.

ઈબ્ને તયમિયહ રહ.ને જયારે લખવા – પઢવા સિવાયનું કામ કરવાની જરૂરત પડતી તો કોઈ માણસને પોતાની પાસે કિતાબ પઢવા બેસાડી દેતા અને કહેતા કે તમે ઊંચા સાદે વાંચન કરો. જેથી મારું કામ પણ થતું રહે અને આ સમય બેકાર ન જાય. આજકાલ કોમ્પ્યુટર, મોબાઈલ વગેરે સાધનોની સુવિધાની એવી રીતે ફાયદો ઉઠાવી શકાય છે કે એક કામની સાથે સાથે બીજા કામો પણ પતી જાય. પણ માણસે એ માટે આયોજન કરવાની જરૂરત છે. નહીંતર વધુ પડતા લોકો ટીવી. મોબાઈલ અને કોમ્પ્યુટર વડે સમય બરબાદ કરતા જોવા મળે છે.

ઘણા લોકો ભુતકાળની સારી – નરસી યાદોમાં ખોવાયેલા રહે છે, તો ઘણા લોકો ભવિષ્યના સોનેરી સપનાંઓ જોવામાં સમય પસાર કરી દે છે, અને એમાં જ એમનો વર્તમાનને બરબાદ થઈ જાય છે.

આપણી આસપાસ ઘણા લોકો એવા પણ મળી આવે છે જે આખો દિવસ સમય જોવામાં જ પસાર કરી નાંખે છે, થોડી થોડી વારે ઘડિયાળમાં સમય જોતા રહે છે અને ઓફિસ કે દુકાન બંધ થવાનો સમય થાય એનાથી પણ અમુક મિનિટો પહેલાં બહાર નીકળવા તૈયાર થઈ જાય છે. એનાથી વિપરીત ઘણા એવા માણસો પણ આપણે જોઈએ છીએ, જેમની પાસે ઘડિયાળ જ નથી હોતી. કેટલા વાગ્યા ? એનાથી એમને કોઈ લેવા દેવા નથી હોતી. એમને તો બસ એમના કામથી જ લેવા દેવા હોય છે. આવા માણસો ભલે ને મજૂર હોય, પણ એમની લગન અને મહેનત વડે ઘણું બધું કામ કરી જાય છે.

મેદાને કારઝાર મેં આયે વો કોમ કયા ?<br>
જિસ કા જવાન આઈનાખાને મેં રેહ ગયા<br>
વો વકત કા જહાઝ થા, કરતા લિહાઝ કયા<br>
મેં દોસ્તોં સે હાથ મિલાને મેં રહે ગયા.

---

# સંસ્કાર અને અખ્લાકનું મહત્વ

ઈસ્લામમાં 'ઈમાન' પછી બીજા નંબરે 'નેક આમાલ'નું સ્થાન છે. કુરઆન શરીફમાં અનેક સ્થળે આખિરતની નજાત માટે ઈમાન અને નેક આમાલ (અમલે સાલેહ)ને સાથે વર્ણન કરવામાં આવ્યા છે. લગભગ ૪૫ વાર કુરઆનમાં "જે લોકો ઈમાન લાવે અને નેક કામો કરે" એવું વર્ણન આવ્યું છે. અમલે સાલેહ અથવા નેક આમાલનું વર્તૂળ ફકત નમાઝ રોઝા પુરતું નથી. બલકે માનવીય જીવનના દરેક પાસાને આવરી લે છે. જેમ કે બંદા અને પરવરદિગાર વચ્ચે સીધા સંબંધને લગતા કામો એટલે કે ઈબાદત પણ એમાં શામિલ છે. બંદાઓ વચ્ચેના પરસ્પરના સંબંધો પણ એમાં શામેલ છે. આવા સંબંધો કાનૂની હોય તો એને મુઆમલાત કહેવામાં આવે છે અને કાનૂની હેસિયત વગર ફકત માનવીય ફરજ ગણાતા હોય તો એને અખ્લાક કહેવામાં આવે છે.

બધાએ સાથે હળી મળીને રહેવા માટે બનાવવામાં આવેલ આ દુનિયામાં માણસની બીજા માણસો અને અન્ય મખ્લૂક સાથે થોડી ઘણી જરૂરતો જોડાયેલી છે. આ જરૂરતોના કારણે અને પ્રકૃતિ – કુદરતના સ્વભાવના કારણે માણસે એની આસપાસ વસતા લોકો સાથે સંબંધ અને સંપર્ક રાખવો જરૂરી છે. આ સંબંધોને સારી રીત સાચવવાને 'અખ્લાક' કહેવામાં આવે છે. માણસને એના સગાઓ, કુટુંબીઓ ઉપરાંત આસપાસ અને પાડોશના લોકો સાથે પણ સંપર્ક અને સંબંધ રાખવો અનિવાર્ય છે. બલકે જાનવરો, પક્ષીઓ વગેરે સાથે પણ ઘણીવાર માનવીય જરૂરતો જોડાયેલી હોય છે. આ બધા સંબંધોને લગતી જવાબદારીઓ પણ માણસ ઉપર આવે છે. આ સંબંધો સારી રીતે માણસ સાચવી લે એને જ અખ્લાક કહેવામાં આવે છે. આપણી દુનિયામાં સુખ – ચેન અને રાહત – આરામ આવી ફરજો પૂરી કરવામાં અને અખ્લાક – સંસ્કાર સાચવવા ઉપર જ મોકૂફ છે.

અખ્લાકની અહમિયતના કારણે દરેક ધર્મમાં એનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે. બલકે અખ્લાકને ધર્મનો આધાર ગણવામાં આવ્યો છે. દુનિયામાં આજ સુધી જેટલા પયગંબરો આવ્યા એ બધાએ સારા અખ્લાક અને ઉચ્ચ

સંસ્કારોની તાલીમ અને તાકીદ ફરમાવી છે. દરેકની તાલીમમાં આપણને સચ્ચાઈ, ન્યાય, પ્રેમ, ભાઈચારા, સદવર્તન, માફી, એકબીજાની મદદ, વગેરે જેવા ઉચ્ચ ગુણોની તાલીમ અન્યાય, જૂઠ, અત્યાચાર, લૂટફાટ, ચોરી, વેર અને અદાવત જેવા બુરા ગુણો અને ખરાબ અખ્લાકની મનાઈ અને બચવાની તાકીદ જોવા મળે છે.

ઈસ્લામ ધર્મ આ વિશ્વનો છેલ્લો ધર્મ છે, એટલે અખ્લાક અને સંસ્કારમાં ઈસ્લામની હેસિયત સૌથી ઊંચી છે. ઈસ્લામ ધર્મ અને એના પયગંબર અખ્લાક અને સંસ્કારની પરંપરાઓને પૂર્ણ કરનાર અને ઉચ્ચ શિખરે પહોંચાડનાર છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે, મને એટલા માટે નબી બનાવવામાં આવ્યો છે કે હું સંસ્કારોને ઉચ્ચ સ્થાન આપું. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પહેલેથી જ સંસ્કારી હતા. આપના અખ્લાક અને સદવર્તન વિશે આખું મક્કા એકમત હતું. અને નબી બન્યા પછી તો પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અખ્લાક અને સંસ્કાર પરિપૂર્ણ થઈ ગયા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તો સારા અખ્લાકની દુઆ પોતે પણ માંગતા હતા અને લોકોને પણ દુઆ માંગવાનું શીખવાડતા હતા. أَللّٰهُمَّ اهْدِنِىْ لِأَحْسَنِ الْأَخْلَاقِ

બલકે એક હદીસમાં તો છે કે માણસ વચ્ચે એમના મરતબા અને ઉચ્ચ કે નીચ હોવાનું સાચું માપદંડ 'અખ્લાક' જ છે. હદીસ શરીફમાં છે કે, તમારા દરમિયાન સૌથી સારો માણસ તે જ ગણાશે જેના અખ્લાક સારા હશે. બીજી એક હદીસમાં છે કે, માણસને જે કંઈ નેઅમતો અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવી છે, એમાં સૌથી મોટી નેઅમત 'અખ્લાક'ની નેઅમત છે.

ઈસ્લામમાં સદવર્તન, સંસ્કાર અને સારા અખ્લાકથી વર્તવાની તાકીદ જે તાકીદ છે, એ ફકત સગાઓ પૂરતી, દોસ્તો માટે, કે મુસલમાનો સુધી સિમિત નથી. બલકે દરેક માણસ સાથે, ચાહે તે મુસલમાન હોય કે ગેર મુસ્લિમ, સગો હોય એ પરાયો, દોસ્ત હોય કે દુશ્મન, દરેક સાથે માનવીય સંસ્કારો મુજબ વર્તન રાખવાની તાકીદ કરવામાં આવી છે. પાડોશી સાથે સદવર્તન કરવાની એટલી બધી તાકીદ ફરમાવતા હતા કે સહાબાને એમ લાગતું હતું કે કયાંક પાડોશીને વારસામાં પણ ભાગીદાર ગણી લેવામાં આવશે.

---

# શૈખુલ હદીસ હઝરત અકદસ મવલાના યૂનુસ સા. જોનપૂરી રહ.

પાછલા દિવસોમાં ૧૧ જુલાઈ ૨૦૧૭ ના રોજ સહાનપૂર ખાતે મદરસા મઝાહિર ઉલૂમના શૈખુલ હદીસ અને હદીસના મહાન વિદ્વાન હઝરત મવલાના શૈખ યૂનુસ સાહેબ જોનપૂરી રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..

આપ રહ. મુળ ખેતા સરાય, જિલ્લા જાનપૂરના રહેવાસી હતા. પોતાના ગામમાં જ મકતબની તાલીમ મેળવીને પછી મદરસા જિયાઉલ ઉલૂમ માનીકલાં, જિ. જાનપૂરમાં આગળની તાલીમ માટે દાખલ થયા. અહિંયા નૂરુલ અનવાર સુધીની તાલીમ મેળવીને પછી શવ્વાલ ૧૩૭૭ હિ.માં મઝાહિર ઉલૂમ સહારનપૂરમાં દાખલો લીધો. ૧૩૮૦ હિ.માં દવરએ હદીસની તાલીમ પૂરી ફરમાવી. અને ૧૩૮૧ હિ.માં મઝાહિરમાં જ મુઈન મુદર્રિસ તરીકે નિયુકત કરવામાં આવ્યા. અને પછી અત્યંત ટુંક સમયમાં શવ્વાલ ૧૩૮૮ હિ.માં શૈખુલ હદીસના ઉચ્ચ સ્થાને આપ રહ.ને નિયુકત કરવામાં આવ્યા.

મદરસામાં તાલીમ માટે દાખલ થયા પછી આપને પાછા ઘરે જવાનું બિલકુલ પસંદ ન હતું. એવું નક્કી કરીને જ આવ્યા હતા કે તાલીમ પૂરી કરીને જ રહીશ. મઝાહિર ઉલૂમમાં દાખલ થયા પછી થોડાક જ દિવસોમાં બીમાર પડી ગયા. શરદી, તાવ અને પછી લોહી પડવા લાગ્યું. મદરસાના વ્યવસ્થાપક હઝ. મવલાના અસ્અદુલ્લાહ રહ.એ ઘરે જવાની સલાહ આપી, પછી શૈખુલ હદીસ રહ.એ પણ ઘરે જવાની નસીહત ફરમાવી, પણ આપ રહ.એ જવાબ આપ્યો કે, મરવાનું જ હશે તો અહિંયા જ મરીશ. હઝરત શૈખુલ હદીસ રહ.એ ફરમાવ્યું કે, બીમારીમાં શું પઢીશ ? તો આપ રહ.એ જવાબ આપ્યો કે, હઝરત જે કંઈ કાનમાં પડશે એ દિમાગમાં ઉતરી જ જશે. આ જવાબ સાંભળીને હઝરત શૈખુલ હદીસ રહ.એ ફરમાવ્યું કે, તો પછી પડયો રહે. આપ રહ. ફરમાવતા કે, બીમારીના દિવસોમાં હઝરત શૈખુલ હદીસ સા. રહ.ને બુખારીનો દર્સ આપતાં જોઈને વિચારતો કે શી ખબર, મને પણ બુખારી શરીફ પઢવાની સઆદત મળશે કે નહીં.

અને અલ્લાહની મહેરબાની એટલી બધી થઈ કે આપ રહ.એ બુખારી શરીફ પઢાવનાર શૈખુલ હદીસ બન્યા અને આખી મુસ્લિમ દુનિયામાં આપ રહ.ને હદીસ શરીફમાં સૌથી મોટા વિદ્વાન ગણવામાં આવ્યા.

પહેલેથી જ આપ રહ.ને હદીસ શરીફ સાથે વિશેષ લગાવ હતો. જરૂરતમાં વાપરવાના પૈસાથી પણ હદીસની કિતાબો ખરીદતા હતા. હદીસ શરીફની

કિતાબોનું એટલું મોટું કુતુબખાનું એમણે પોતે વસાવ્યું હતું કે કદાચ જ કોઈની પાસે હદીસ શરીફની આટલી બધી કિતાબો હશે.

તાલીમ દરમિયાન અને પછી પણ વિવિધ પ્રકારની બીમારીઓમાં સપડાતા અને સાજા થતા રહયા. આ જ કારણે નિકાહ કરી શકયા નહી. પાછળથી નિકાહ કરવા ચાહતા હતા, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું અને આપ રહ.ની ઉમર ૫૦ વટાવી ચુકી હતી. હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ.ના હાથ ઉપર બયઅત હતા. અને હઝરત શૈખુલ હદીસ રહ. ઉપરાંત મવલાના અસ્અદુલ્લાહ સાહેબ રહ. તરફથી ખિલાફત મળી હતી.

હદીસ શરીફ ઉપરાંત બીજા દરેક ઈસ્લામી અને અરબી વિષયો ઉપર આપ રહ.ની પૂરી પકડ હતી અને દરેક વિષયના મોટા આલિમ ગણાતા હતા.

ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ ઉપરાંત આખા અરબસ્તાન અને વિશ્વના અન્ય મુસ્લિમ દેશોમાં પણ આપ રહ.ને હદીસના સૌથો મોટા વિદ્વાન ગણવામાં આવતા હતા. વિવિધ દેશોમાંથી હદીસ પઢવા માટે તલબા ઉપરાંત મોટા મોટા આલિમો પણ આપ રહ.ની સેવામાં હાજર થતા હતા. હજ કે ઉમરહમાં જતા ત્યારે મક્કા–મદીનામાં પણ ત્યાંના આલિમો અને વિદ્વાનો આપ રહ.ની સેવામાં હાજર થઈને કંઈ શીખવા–સાંભળવાને પોતાની સઆદત સમજતા હતા.

આપ રહ. પાસે તાલીમ મેળવીને પોતાની જિંદગી સુધારનાર દેશ વિદેશના અનેક આલિમો અને આપ રહ.ને સેવા કરવાને પોતાની સઆદત સમજતા અનેક અમીરો આપ રહ.ને સેવામાં રોજ બ રોજ મોટી રકમોના હદિયાઓ મોકલતા, પણ આપ રહ. એ બધી જ રકમ ખૈરાત કરી દેતા હતા. ઘણી વાર તો લાખોની રકમ ખૈરાત કરીને પોતાની જરૂરત કરજ લઈને પૂરી કરતા હતા. બેત્રણ વરસમાં એકવાર ગુજરાતની સફરે આવતા હતા અને ગુજરાત ભરના ઉલમા અને આપ રહ.ના અકીદતમંદ એમની ઝિયાતર માટે સહાનપૂર પણ જતા હતા.

જામિઅહ ઉલૂમુલ કુરઆન અને એના સ્થાપક મોહતમિમ મુફતી અહમદ દેવલ્વી સા. પ્રત્યે મુહબ્બત રાખતા હતા. એકવાર જામિઅહમાં રાત્રિ રોકાણ કરવા અત્રે પધાર્યા પણ હતા.

અલ્લાહ તઆલા હઝરત મવલાના મરહૂમની મગફિરત ફરમાવે. આપ રહ.ની વફાતથી મદરસા મઝાહિર ઉપરાંત ભારત અને વિશ્વભરમાં હદીસ વિદ્યા ક્ષેત્રે જે શુન્યાવકાશ સર્જાયો છે એની ભરપાય ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં આપ રહ.ને ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. આપ રહ.ની બધી જ ખિદમતોને સદકએ જારિયહ બનાવીને કુબૂલ ફરમાવે. આમીન.

---

# બહુપત્નિત્વ અને એનું રહસ્ય

*મવ. અ.મજીદ કોઠી*

આપ (સલ.)ની ઉમર મુબારકના ૬૩ વરસોમાંથી આરંભના ૨૫ વર્ષ તો એકાંત અને પરહેઝગારી (બંદગી) માં ગુઝર્યા, હવે બતાવો કે જેણે ૨૫ વર્ષ સુધી જે ભર યુવાનીનો સમય હોય છે, સંપૂણ સંયમ અને પરહેઝગારી સહિત પસાર કર્યો હોય અને વળી એકથી વધીને એક સુંદરીઓ આપ (સલ.) સાથે વિવાહ કરવા ઈચ્છુક હોય છતાં એકાંત અપનાવવામાં તેમને કોઈ વસ્તુ અવરોધક બની નહીં !

જે પવિત્ર હસ્તીએ ૨૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીનો સમયગાળો એક એવી સ્ત્રી ( એટલે કે હઝરત ખદીજા (રદી.)) સાથે પસાર કર્યો હોય કે જે ઉમરમાં તેમનાથી ૧૫ વર્ષ મોટી અને પેગમ્બર (સલ.) સાથે શાદી કરતા પહેલાં બે વાર શાદી કરી સંતાનોની માં બની ચુકી હોય, વળી આ નિકાહ દરમિયાન આપ (સલ.)ના પ્યાર અને મુહબ્બતમાં જરાયે કમી ન આવી હોય ; બલકે તેના મરણ પછી પણ સદા તેમનું સ્મરણ કરતા હોય !

નબી (સલ.)ના જીવનનો ૫૫ થી લઈ ૫૯ વર્ષ સુધીનો સમયગાળો એવો છે જે દરમિયાન પત્નીઓથી ઘર આબાદ થયા અને વળી નબી (સલ.)ની હદીસ પણ છે :

مالی فی النساء من حاجة (دارمی)

એટલે કે મને સ્ત્રીઓની કોઈ જરૂરત નથી અને પત્નીઓમાં પણ કોઈ છૂટાછેડા વાળી તો કોઈ વિધવા છે, અને ઉમરની પણ કોઈ બાંધછોડ નહીં !

આ બધુ એવી હાલતમાં છે કે જો તે કેવળ ઈશારો કરતા તોયે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દેખાવડી, સુંદર, કુંવારી કન્યાઓ તેમની સાથે નિકાહ કરવો ગર્વ અનુભવતી હોય અને તેમના પરિવારજનો તેની તમન્નાઓ કરતા હોય !

શું તમે એ બનાવને ભુલી ગયા જયારે મક્કાના આગેવાનોએ અબુ તાલિબ મારફતે આ પવિત્ર હસ્તીને કહયું હતું કે તારી ઈચ્છા જો ધન – દોલતની છે તો હમણાં જ અમે લાખો દિરહમ તમને આપવા માટે તૈયાર છે અને જો તમારે સરદારી જોઈતી હોય તો આજે જ આખુયે કુરૈશ પરિવાર તને સરદાર

બનાવવા તૈયાર છે. અને જો તમે શાદી કરવા ઈચ્છુક હોય તો હમાણાં જ જે તને ગમે તે સુંદર – રૂપાળી કન્યાને તારી સાથે પરણાવવા તૈયાર છીએ. પરંતુ તમને ખબર હશે કે પેગમ્બર (સલ.) એ શું જવાબ આપ્યો?!

આપ (સલ.) એ કહયુંઃ એ કાકા ! જો એક હાથમાં ચાંદ અને બીજા હાથમાં સૂર્ય પણ મૂકી દેવામાં આવે છતાંયે એક અલ્લાહનો સંદેશ (જે મને સોંપવામાં આવ્યો છે) મુહમ્મદ તેને ત્યાગશે નહીં. જગતનો આરામ અને સુંદરતા સત્યની આ પુકાર સામે કંઈ જ નથી. કેવળ આ એક જ નાનકડા વિધાન વડે તેમની બધી માંગણીઓને ફગાવી દીધી ! (મખ્ઝને અખ્લાકઃ ૫૦)

અલ્લાહ તઆલા તરફથી આપ (સલ.)ને ધરતીના બધા જ ખજાનાઓની ચાવીઓ અર્પણ કરવાની ઓફર કરવામાં આવી તોયે સ્વીકારી નહીં અને આખિરતને સ્વીકારી. તેનું શું કારણ હતું ? આપ (સલ.)ના બધા જ નિકાહનો હેતુ ઈસ્લામ ધર્મની કામિયાબી – સફળતા અને તેના પ્રચાર – પ્રસાર માટે જ હતી. .....જુઓ .......

❋ જેવા હઝરત સફિય્યહ (રદી.) સાથે આપ (સલ.)ના વિવાહ થયા ત્યાર પછી યહૂદીઓએ મુસલમાનો વિરૂધ્ધ કોઈ પણ યુધ્ધમાં ભાગ નથી લીધો, જુઓ આ નિકાહ કેટલો જરૂરી અને યોગ્ય હતો.

❋ હઝરત ઉમ્મે હબીબહ (રદી.)ને જુઓ! તેમના પિતા અબૂ સુફિયાન કુરૈશના આગેવાનોમાંથી હતા અને પ્રજાનું યુધ્ધ ચિહ્ન ઉમ્મે હબીબહ (રદી.)ના ઘરમાં મૂકી રાખવામાં આવતું, કથનોના આધારે યુધ્ધના નિશાનના નીચે સંપૂર્ણ પ્રજાને બાપ–દાદાઓની હિદાયત (માર્ગદર્શન) અને પ્રજાકિય પરંપરા હેઠળ આવવુ પડત, બધા જ આ ઝંડા નીચે તરત જ એકઠા થઈ જત.

❋ હઝરત જુવૈરિયહ (રદી.)ના વિવાહ પર મનન–ચિંતન કરો. તેમના પિતા પ્રખ્યાત ડાકુ – લૂટારો અને મુસલમાનોનો કટ્ટર વિરોધી હતો, તે મુસલમાનોને ખુબ જ નુકસાન પહોંચાડતો હતો, પરંતુ જુવૈરિયહ (રદી.) સાથે નિકાહ કરવાથી તેણે મુસલમાનોને પરેશાન કરવાનું છોડી દીધું.

❋ હઝરત મયમૂના (રદી.) સાથે નિકાહ કરવાથી શું થયું તે હવે જુઓ : તેમની એક બહેન "નજદના સરદાર"ના ઘરમાં હતી, આ નિકાહથી નજદ દેશ સાથે સમાધાન અને ત્યાં ધર્મ પ્રચાર કરવામાં મોટે પાયે મદદ મળી, આથી પહેલાં નજદ દેશમાં ૭૦ જેટલા ધર્મ પ્રચારક (સહાબા (રદી.)ને શહીદ કરી

નાંખવામાં આવ્યા હતા, માનવું પડશે કે આ નિકાહ કેટલો બરકતવંત હતો.

હઝરત ઝયનબ (રદી.), હઝરત આઈશા (રદી.) અને હઝરત હફસા (રદી.) સાથે નિકાહ પણ કેવળ ઈસ્લામી હેતુઓ અને ધાર્મિક મસ્લીહતો પર આધારિત હતા, હઝરત ઝૈનબ (રદી.) સાથેના નિકાહે તબનિયત નામક મૂર્તિને તોડી અને તસલીસ (એટલે કે ત્રણ ખુદાની માન્યતા)ના વૃક્ષને ખોખલું કરી દીધું, મૂર્તિ પૂજકો અને ખ્રિસ્તીઓ તથા યહૂદીઓની સુધારણા એમના વગર શકય ન હતી.

હઝરત આઈશા (રદી.) અને હઝરત હફસા (રદી.)ના નિકાહે કુર્આનમાં વિશ્વાસ અને તેની રક્ષા, હદીસોનો પ્રચાર – પ્રસાર અને સ્ત્રી શિક્ષણ બાબતે બંદગીથી વધીને કામ કર્યુ અને વળી હઝરત અબૂબકર (રદી.) અને હઝરત ઉમર (રદી.)ની ખિલાફતને વધુ બરકતવંત અને લાભાંવિત બનાવવામાં ઘણુ મહત્વપૂર્ણ કામ પુરૂ પાડયું.

આ તો અમુક ઉદાહરણો છે નહીતર આ બધાને એકત્ર કરવું આપણા માટે લગભગ અસંભવ છે, હવે પ્રત્યેક બુધ્ધિશાળી અને સમજદાર વ્યકિત પાસે એ વાતનો સ્વીકાર કર્યા વગર છૂટકો જ નથી કે નબી (સલ.) માટે આવું જ કરવું જરૂરી હતુ અને જો એમ ન કરતા તો ઘણા ફાયદાઓ અને મસ્લેહતોથી મુસલમાનો અને ઈસ્લામને વંચિત રહેવું પડતે.

*(રહમતુલ લિલ આલમીનઃ૨/ ૧૨૭ થી ૧૩૧)*

## *હિન્દુ ધર્મમાં પણ બહુપત્નીત્વના ઘણા ઉદાહરણો મળે છે*

(૧) શ્રી રામચંદ્રજીના પિતા મહારાજા દસરતની ત્રણ પત્નીઓ હતી.
(૧) પટરાણી કૌશલ્યા (૨) મહારાણી સુમિત્રા (૩) મહારાણી કૈકઈ

(૨) શ્રી કૃષ્ણજીની સેંકડો પત્નીઓ હતી (લાલા લજપતરાયે તેમના પુસ્તક "શ્રી કૃષ્ણ ચરિત્ર"માં માત્ર ૧૮ રાણીઓનો ઉલ્લેખ કર્યો છે. આ સંખ્યા પણ ઓછી તો નથી જ.

(૩) રાજા પાંડવની બે પત્નીઓ હતી. (૧) કુન્તી (૨) માદરી
(૪) શનતન રાજાની બે વહુઓ હતી. (૧) ગંગા (૨) સત્યવતી
(૫)સત્યવતીના પુત્રની બે પત્નીઓ અને એક દાસી હતી.
(૧) અમીકા (૨) અલ્બાલ્કા (૩) દાસી

*(રહમતુલ લિલઆલમીન : ૧૨૫ / ૨)*

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફ્તી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફ્તી અહમદ દેવલા
સદર મુફ્તી જામિઅહ જંબુસર

## જીવતા લોકો તરફથી નફલ ઉમરહ અને તવાફ

સવાલ : આપણે હજ કે ઉમરહ કરવા માટે મક્કા શરીફ જઈએ છીએ તો સૌ પ્રથમ આપણો ઉમરહ અને તવાફ થાય છે, ત્યાર બાદ બાકીના દિવસોમાં નફલ ઉમરહ અને તવાફ થાય છે, બાકીના દિવસોમાં ઝે નફલ ઉમરહ અને તવાફ કરીએ તે ઉમરહ અને તવાફ મર્હુમોના કરવા કે પછી જીવતા લોકોના ? બન્નેવના થઈ શકે છે ? આ અંગે સમજ આપવા નમ્ર અરજ છે.

જવાબ : حامدا ومصليا ومسلما આપણા અહલે સુન્નત વલ જમાઅતના મંતવ્ય મુજબ એક વ્યકિત પોતાના નેક નફલી આ'માલનો સવાબ મરણ પામનાર અને જીવિત બન્નેવને પહોંચાડી શકે છે, માટે આપ નફલ ઉમરહ અથવા તવાફ અન્ય મરણ પામનાર વ્યકિત તરફથી પણ કરી, તેને સવાબ પહોંચાડી શકો છો, અને જીવિત વ્યકિત તરફથી કરી તેને પણ સવાબ પહોંચાડી શકો છો,(કિતાબુલ મસાઈલ : ૩ / ૩૫૮) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. (તા ૨૦, જુમાદલ ઉલા,૧૪૩૫ હિજરી : ૨૨/૩/ ૨૦૧૪)

## કુરબાનીના ચામડાના પૈસા ખરીદનાર ન આપે તો ?

સવાલ : કુર્બાનીનું ચામડું સદકાની નિય્યતે વેચી દીધું પણ એના પૈસા લેનાર આપે નહીં તો વેચનારે પોતાના પૈસા સદકો કરવો પડશે કે ના કરે તો પણ ચાલશે ?

જવાબ : حامدا ومصليا ومسلما જયાં સુધી વેચાણ થયેલ કુર્બાનીના ચામડાની કિંમત મળે નહીં,ત્યાં સુધી સદકહ કરવું જરૂરી નથી, જેમકે માલદાર નિસાબ પાત્ર કોઈ વસ્તુ વેચે અને તેની કિંમત વસૂલ ન થઈ હોય તો જયાં સુધી કબ્જામાં મઝકૂર વસ્તુની કિંમત ન આવે, અને બાકી પડતી આ કિંમત ઉપર

વર્ષ પુરૂ થાય તો બાકી પડતી રકમની ઝકાત ઝિમ્મે વાજિબ તો થશે, પણ પોતાની પાસે જમા રકમમાંથી કાઢવી જરૂરી નથી ઠરતી, બલકે જે તે દિવસે કબ્જામાં આવે, ત્યારે એની ઝકાત કાઢવી જરૂરી ઠરે છે, એવી જ રીતે સદર સૂરતમાં પણ વેચેલ ચામડાની કિંમત પ્રાપ્ત થયે સદકહ કરવું જરૂરી ઠરશે. (તા. ૨૯ / સફર ૧૪૩૨ હિજરી)

***<u>બીજા સ્થળે કરાવવામાં આવેલ કુરબાની વિશે એક અસમંજસ</u>***

સવાલ : એક આલિમ સા.નું કહેવું છે કે હાલમાં મદ્રસા મારફતે કુર્બાની કરવામાં આવે છે તેમાં કુરબાની કરાવનાર પોતાનું જાનવર જોઈ શકતો નથી, તો એ જાનવર કુર્બાની કરાવનારને કિયામતના દિવસે કેવી રીતે ઓળખશે ? અને જન્નતમાં લઈ જશે ? તો શું આ વાત બરાબર છે ?

જવાબ : حامدا ومصليا ومسلما અફઝલ એ છે કે આદમી પોતે જ પોતાના જાનવરની કુરબાની અદા કરે, પરંતુ અન્ય વ્યકિત કે બીજી જગ્યાએ જેમકે મદ્રસા મારફતે કુરબાની કરાવવામાં પણ શરઈ રીતે કોઈ વાંધો નથી. (ફ. મહમૂદીય્યહ : ૧૭ / ૫૦૦ ઉપરથી)

એક આલિમના હવાલાથી દર્શાવેલ વાત હવાલા સાથે માલૂમ કરી ફરીથી પૂછી લેવામાં આવે, આ રીતની ચોખવટ કોઈ જગ્યાએ મારા જોવામાં આવી નથી. અને જો આ વાત સાચી પણ હોય તો આ એક ગેબ અને આખિરત સંબંધિત બાબત છે, જેના માટે દુન્યવી બાબતોને માપદંડ બનાવવું દુરૂસ્ત નથી.

***<u>ઇદ આગળ હોય એવા દેશમાં વસતા લોકોની કુરબાની ઇન્ડીયામાં</u>***

સવાલ : પરદેશમાં રહેતા લોકો પોતાની કુરબાની ઈન્ડીયામાં કરાવે છે, પરંતુ અકસર એવું બને છે કે યુ.કે માં ઈન્ડીયા કરતાં એક – બે દિવસ ઈદ આગળ જ હોય છે, તો આ લોકોની કુરબાની આપણા ઈન્ડીયાના દિવસોમાં કરવામાં આવે તો દુરૂસ્ત ગણાશે કે નહી ?

જવાબ : દુરૂસ્ત છે, એમાં કોઈ વાંધો નથી. (અલ – બલાગ કરાંચી : ફેબ્રુઆરી ૨૦૦૦, ફેસલા : મજમઉલ ફીકહીલ ઈસ્લામી , ગુજરાત) (ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.)

---

## બોધકથા

કોઈ ઝમાનામાં ત્રણ માણસો હતા. એકને શરીરે કોઢની બીમારી હતી, જેના કારણે ઘણો જ બદસૂરત દેખાતો હતો. બીજાના માથે વાળ ન હોવાના કારણે ટાલિયો કહેવાતો હતો. ત્રીજો આંધળો હતો.

અલ્લાહ તઆલાએ આ ત્રણેવની કસોટી કરવા માટે એક ફરિશ્તાને મોકલ્યો. સહુપ્રથમ એણે કોઢ વાળાને પૂછયું કે તારી કોઈ ઈચ્છા હોય તો બતાવ, હું પૂરી કરીશ. એણે કહયું કે મારી આ બીમારી દૂર થઈ જાય અને સુંદર ચામડી મને મળે એમ ચાહું છું. ફરિશ્તાએ એના શરીરે હાથ ફેરવ્યો એટલે બધો કોઢ ખતમ થઈને એનું શરીર ખુબસૂરત બની ગયું. ફરિશ્તાએ પછી એના માંગવાથી ઊંટો પણ આપ્યાં. ફરિશ્તો ત્યાર પછી ટાલિયા પાસે આવ્યો. એને પૂછયું તો એણે સુંદર વાળની ઈચ્છા વ્યકત કરી. ફરિશ્તાએ એના માથા ઉપર હાથ ફેરવ્યો તો માથે સુંદર વાળ ઉગી નીકળ્યા. ઉપરાંત ગુઝરાન ચલાવવા ગાયો પણ એને આપી. ત્યાર પછી આંધળા પાસે આવ્યો. એને ઈચ્છા દર્શાવી કે આંખે દેખાતું થઈ જાય. ફરિશ્તાએ એની આંખો ઉપર હાથ ફેરવ્યો તો આંખો જોતી થઈ ગઈ. અને પછી એને બકરીઓ પણ આપી. અમુક વરસોમાં આ ત્રણેવ મોટા માલદાર બની ગયા. એકની પાસે સેંકડો ઊંટો હતા. બીજા પાસે ગાયો અને ત્રીજો બકરીઓનો મોટો વેપારી બની ગયો.

હવે આ જ ફરિશ્તો પ્રથમ માણસ પાસે એના જેવો કોઢવાળો બદશકલ બનીને આવ્યો અને કહયું કે ગરીબ માણસ છું, સફરમાંથી ભટકી ગયો છું, મારી પાસે કંઈ છે નહીં, અલ્લાહે તમને ખુદસુરત શરીર અને ઘણો બધો માલ આપ્યો છે, અલ્લાહના નામ ઉપર જો તમે મને એક ઊંટ આપો તો હું મારી સફરે ચાલુ રાખું અને ઘરે પહોંચી શકું. ઊંટોના માલિકે જવાબ આપ્યો કે મારા બીજા ઘણા બધા ખર્ચા છે, હું તને કંઈ આપી શકું એમ નથી. ફરિશ્તો કહેવા લાગ્યો કે મેં તને કયાંક જોયો છે, હા, તું તો પેલો કોઢી ગરીબ માણસ જ છે ને, જેનાથી લોકો નફરત કરતા હતા અને હવે તું માલદાર અને ખુબસુરત બની ગયો છે ? એણે કહયું કે, ચાલ

જા જા, આ માલ તો મને બાપદાદાઓના વારસામાં મળ્યો છે. હું કદી ગરીબ અને બદસુરત ન હતો. ફરિશ્તાએ કહયું કે, જો તું જૂઠું બોલે છે તો પાછો હતો એવો બની જઈશ. ફરિશ્તો ત્યાર પછી ટાલિયા પાસે આવ્યો. ત્યાં પણ આવી જ વાતચીત થઈ અને ફરિશ્તાએ એને કહી દીધું કે જો તું જૂઠું બોલે છે તો પાછો હતો એવો બની જઈશ. ફરિશ્તો છેલ્લે આંધળો બનીને ત્રીજા માણસ પાસે આવ્યો અને કહયું કે ખુદાનો વાસ્તો આપીને કહયું કે આંધળો છું, ગરીબ મુસાફર છું, એક બે બકરીઓ આપો તો હું ઘરે પહોંચવાની વ્યવસ્થા કરી શકું. આંધળાએ જવાબ આપ્યો કે, ભાઈ આ બધું મને અલ્લાહ તઆલાએ જ આપ્યું છે, તને આપવામાં મને કોઈ વાંધો નથી. તું તારી મરજી અને જરૂરત મુજબ જેટલો માલ ચાહે લઈ લે.

ફરિશ્તાએ કહયું કે, બસ. બસ. મારે કંઈ જોઈતું નથી. મને કસોટી માટે મોકલવામાં આવ્યો હતો. પેલા બન્ને માણસો પાછા મુસીબતમાં સપડાય ગયા છે અને તારાથી અલ્લાહ તઆલા ખુશ થઈ ગયા છે.

ઉપરોકત કિસ્સો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સહાબા સામે વર્ણન કર્યો હતો. બુખારી–મુસ્લિમ શરીફમાં એનું વર્ણન છે.

કિસ્સાનો બોધપાઠ આ છે કે માણસ માટે સુખ અને દુખ, બન્ને સ્થિતિઓ આજમાયશ માટે હોય છે. જેમ મુસીબતના દિવસોમાં અલ્લાહને યાદ રાખીએ છીએ એ જ પ્રમાણે સુખના દિવસોમાં પણ અલ્લાહને યાદ રાખવાના છે. બલકે સુખના દિવસોમાં આજમાયશ વધારે અઘરી હોય છે, એટલે માલદારીમાં અલ્લાહને યાદ રાખીને એનો શુક્ર અદા કરવાનો ખ્યાલ વધારે રાખવાનો છે.

અમુક સહાબા રદિ. ફરમાવતા હતા કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે અમને મુસીબતોથી અજમાવવામાં આવ્યા. એમાં તો સબ્ર – ધીરજ કરીને અમે કામ્યાબ થઈ ગયા. પણ ત્યાર પછી માલ અને રાહત વડે અમને અજમાવવામાં આવ્યા. એમાં અમે અલ્લાહની કસોટીમાં પૂરે પૂરા કામ્યાબ થઈ શકયા નહીં.

————————————

# Take benefit of five before five

Hazrat Ibn Abbas (Radiallau Anhu) narrated that the Messenger of Allaah (Sallallahu Alihi Wasallam) advised a man with the following words :

| | |
|---|---|
| **Take benefit of five before five** | اغتنم خمسا قبل خمس |
| (1) your youth before your old age | (١) شبابك قبل هرمك |
| (2) your health before your sickness, | (٢) صحتك قبل هرمك |
| (3) your wealth before your poverty, | (٣) غناء ك قبل فقرك |
| (4) your free-time before your preoccupation, | (٤) فراغك قبل شغلك |
| (5) your life before your death." | (٥) حياتك قبل موتك |

**Youth before old age :** One of the things that most people take for granted is their youth. When people are young, they are full of energy and are capable of doing so many things for the sake of Allah, but often we see that this energy is wasted in one way or another.

When people lose their youth, they inevitably find it harder to do those deeds and acts of worship that they found somewhat easier to do at a younger age. With old age, people find it harder to keep fard (obligatory) fasts, they may not be able perform wudhu properly or to pray properly, and they may not have the energy to recite the Qur'an very often.

**Health before sickness :** As with our youth, we often take for granted our health. We are advised to

take advantage of our good health before we are overcome with illness or disability. What we often don't realise is that our health is a blessing from Allah. When we are in good health, we take it for granted and don't always appreciate what we have. It is only when we fall ill that we realise what a great thing we had and how we let it go to waste by not doing as much 'ibadah (worship) as we know we could - and should - have done.

One example of where people are restricted from carrying out acts of 'ibadah due to poor health, is fasting. When most people are young and have the health to fast, they don't make the time or effort to keep nafl (non-obligatory/sunnah) fasts. Often we find that we struggle to keep our fard fasts during Ramadan, and we have no intention at all to keep the sunnah fasts during the rest of the year.

**Wealth before poverty :** Wealth is another blessing granted to us by Allah. Wealth in this context does not necessarily mean that we have large amounts of savings, or the fact that we can afford a huge house, a top-of-the- range car and a state-of-the-art media system. The simpler things such as a roof over our heads, clothes on our backs and food in our fridges make us amongst the world's wealthiest people - a fact that we, more often than not, seem to overlook, particularly when we see people that have a lot more worldly possessions than we do. There are millions of people in the world today that don't even have a drop of clean water to drink,

and they don't know where their next meal will be coming from. These are the people that we need to be helping with our wealth. Even a small donation can go a long way.

**Free time before preoccupation :** Islam always encourages us to make the most of our time, and to spend as much of it as possible in the way of Allah. We should utilise the time we have available to do as much good as we can, because before we know it, this time will have passed. As mentioned above, we should use the time we have in our youth to do as much in the way of Allah as possible, because as time passes, as well as having to contend with old age and all that entails, we will inevitably have a lot more things to worry about, like jobs, homes and families - things that most of us at this present moment aren't necessarily worried about. If we think that finding the time to practise Islam is difficult now, what will we do when life really starts to pick up pace? There is nothing wrong with getting married and having a family, but we should appreciate the relative freedom that we have now, and spend as much of it as we can on good deeds

**Life before death :** The last thing that we have been advised to take advantage of is our life before our death. Every night when we go to sleep, we enter a state where our soul leaves us. When we wake up, it is only because Allah has blessed us by returning our souls and granting us the opportunity to worship Him for at least one more day.

.........................................

## તુચ્છ માખી

કોઈની ખામીઓ અને ભૂલો શોધવી તુચ્છ માખીનું કામ છે. માખી શરીરના ખુશ્બુદાર અને સુંદર અવયવો છોડીને ફકત ઝખમ ઉપર બેસે છે.

## મુસલમાનની નજર

મુસલમાને તો દુનિયાને ઈસ્લામની નજરે જોવાની છે. પરંતુ આજના લોકોની મુસીબત આ છે કે તેઓ ઈસ્લામને દુનિયાની નજરે જુએ છે.

## માનવીના ત્રણ હિસ્સાઓ

માણસના ત્રણ ભાગો છે. એક ભાગ અલ્લાહનો, બીજો એનો પોતાનો અને ત્રીજા કીડી – મકોડાઓનો.

અલ્લાહનો ભાગ એટલે રૂહ, જે મૃત્યુ વેળા પાછો લઈ લેવામાં આવે છે. એનો પોતાનો ભાગ એટલે એના આમાલ, જેને મૃત્યુ પછી એને પાછા આપવામાં આવે છે. કીડી – મકોડાઓનો ભાગ એટલે માણસનું શરીર, જે મરવા પછી એમને ખાવા માટે આપી દેવામાં આવે છે.

## સદકહ

બે માણસો વચ્ચે સુલહ કરાવવી સદકહ છે. કોઈને સહારો આપીને સવારી ઉપર બેસાડવો કે એનો માલ ચડાવી દેવો પણ સદકહ છે. સારી વાતો કરવી કહેવી પણ સદકહ છે. નેકીનો દરેક કદમ સદકહ છે. અને રસ્તામાંથી તકલીફ વાળી વસ્તુ હટાવવી પણ સદકહ છે. (હદીસ)

## રોઝીની મહેનત

હઝરત ઉમર ફારૂક રદિ. ફરમાવે છે કે, રોઝીની તલાશ અને મહેનત કર્યા વગર બેસી રહેવું અને ફકત રોઝીની દુઆ કરતા રહેવું જાઈઝ નથી. અલ્લાહ તઆલા સીધા આસમાનથી સોનું ચાંદી નથી વરસાવતા.

## પસ્તાવો

પસ્તાવો ચાર પ્રકારનો હોય શકે છે. (૧) એક દિવસનો પસ્તાવો, જયારે આપણા ઘરેથી કોઈ માણસ ખાધા વગર પાછો જાય. (૨) એક વરસનો પસ્તાવો. જયારે ખેતીનો સમય ગફલતમાં પૂરો થઈ જાય. (૩) જીવનભરનો પસ્તાવો. બીવી સાથે અણબનાવો હોય તો. (૪) દુનિયા–આખિરતનો કાયમનો પસ્તાવો, અલ્લાહ તઆલા નારાજ હોય તો.

## રોઝીની જવાબદારી

હઝરત મુજદ્દિદ અલ્ફે ષાની રહ. પાસે આવીને એક માણસે કહયું કે મારી રોઝી ઓછી છે અને બાળકો વધારે છે. આપ રહ.એ ફરમાવ્યું કે, ઘરે જાઓ, અને ઘરના લોકોમાં જેની રોઝીની જવાબદારી તારા માથે હોય એને કાઢી મૂકો અને જેની જવાબદારી અલ્લાહ તઆલાના શિરે હોય એને રહેવા દેજો.

## દુનિયા – આખિરતની મુહબ્બત

દુનિયાની મુહબ્બત દૂર કરવા આખિરતની ફિકર કરો. અને આખિરતની મુહબ્બત ફિકર નેક કામો કરવા ઉપર મોકૂફ છે.